અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

17 DECEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 166 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
ભારતે UNમાં પાકિસ્તાનને ફટકાર લગાવી : ઈમરાન ખાનને જેલ, આસિમ મુનીરને ખુલ્લી છૂટ, રાજદૂત....

4 
માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે

6 
બેસ્ટ એક્ટ્રેસ બની અનન્યા પાંડે; આલિયાએ લૂંટી લાઈમલાઈટ

7 
SBIની હોમ લોન 0.25% સસ્તી થઈ : હવે 7.25% વ્યાજ દરથી શરૂ, અહીં સમજો ઘટાડાથી EMI કેટલી ઓછી થઈ જશે


### યોજનાઓના નામ બદલવા પર પ્રિયંકા ગાંધીએ કરી ટીકા

# મોદી સરકારને નામ બદલવાનો વળગાડ : પ્રિયંકા ગાંધી

## નવા બિલની જોગવાઈ મુજબ હવે રાજ્યોએ 60% હિસ્સો ભોગવવો પડશે, જેના કારણે રાજ્યોની અર્થવ્યવસ્થા પર અસહ્ય બોજ વધશે

**નવી દિલ્હી,તા.16**



સંસદમાં મનરેગા (MGNREGA) કાયદાને નાબૂદ કરી તેની જગ્યાએ નવું બિલ લાવવા મુદ્દે ભારે હોબાળો મચ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ 'વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર અને આજીવિકા મિશન(ગ્રામીણ) - VB-GRAM G' બિલ, ૨૦૨૫નો સખત વિરોધ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે આ નવું બિલ રોજગારના કાયદાકીય અધિકારને નબળો પાડે છે અને સત્તાનું કેન્દ્રીકરણ કરે છે.

પ્રિયંકા ગાંધીએ સરકારની ટીકા કરતાં કહ્યું કે, 'સરકારને દરેક યોજનાનું નામ બદલવાની જે સનક છે, તે સમજાતી નથી. જ્યારે પણ નામ બદલવામાં આવે છે, ત્યારે સરકારી તિજોરી પર મોટો ખર્ચ થાય છે. કોઈ પણ બિલ કોઈની અંગત મહત્ત્વાકાંક્ષા કે પૂર્વગ્રહના આધારે રજૂ ન થવું જોઈએ.' તેમણે આ બિલને પાછું ખેંચીને સ્થાયી સમિતિ પાસે મોકલવાની માંગ કરી છે.

કોંગ્રેસ સાંસદે નવા બિલની ખામીઓ ગણાવતાં ચિંતા વ્યક્ત કરી હતી કે, 'આ કાયદાથી રોજગારનો કાયદાકીય અધિકાર નબળો પડશે અને મનરેગામાં અત્યાર સુધી જે કામની પાકી ગેરંટી મળતી હતી, તે હવે જોખમમાં મૂકાશે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ બિલ દ્વારા કેન્દ્ર સરકાર પોતાની જવાબદારીઓ ઓછી કરી રહી છે અને સત્તાનું નિયંત્રણ પોતાના હસ્તક વધારી રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે, અત્યાર સુધી મનરેગામાં કેન્દ્ર સરકાર ૯૦% ગ્રાન્ટ આપતી હતી, પરંતુ નવા બિલની જોગવાઈ મુજબ હવે રાજ્યોએ ૬૦% હિસ્સો ભોગવવો પડશે, જેના કારણે રાજ્યોની અર્થવ્યવસ્થા પર અસહ્ય બોજ વધશે.'

પ્રિયંકા ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'આ બિલ બંધારણના ૭૩મા સુધારા(પંચાયતી રાજ)ની વિરુદ્ધ છે. મનરેગામાં ગ્રામસભાઓને પોતાની જરૂરિયાત મુજબ કામ નક્કી કરવાનો અધિકાર હતો, જે હવે છીનવાઈ રહ્યો છે. બંધારણની ભાવના છે કે સત્તા દરેક વ્યક્તિના હાથમાં હોવી જોઈએ, જે પંચાયતી રાજનો મૂળ મંત્ર છે, આ બિલ તેની વિરુદ્ધ છે.'

છેલ્લા ૨૦ વર્ષના ઈતિહાસને યાદ કરતાં તેમણે કહ્યું કે મનરેગા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં સફળ રહ્યું છે. જ્યારે આપણે ક્ષેત્રમાં જઈએ છીએ ત્યારે મનરેગા મજૂર દૂરથી ઓળખાઈ જાય છે. તેના ચહેરા પર કરચલીઓ અને હાથ પથ્થર જેવા કઠણ હોય છે કારણ કે તે સખત મજૂરી કરે છે. આ કાયદો માંગ આધારિત હતો, જે ગરીબોને ૧૦૦ દિવસના રોજગારની ખાતરી આપતો હતો. વિપક્ષના આ વિરોધ વચ્ચે શું સરકાર આ બિલમાં કોઈ ફેરફાર કરશે કે તેને બહુમતીના જોરે પસાર કરશે, તે જોવું મહત્ત્વનું રહેશે.

# 8 બસ અને 3 કાર અથડાઈ, 13 જીવતાં ભૂંજાયા :17 થેલીઓમાં મૃતદેહોના ટુકડા લઈ જવાયા...

**મથુરા,તા.16**

મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર ધુમ્મસના કારણે 8 બસો અને 3 કારો અથડાઈ. ટક્કર થતાં જ ગાડીઓમાં આગ લાગી ગઈ. 13 લોકો જીવતા બળી ગયા. 70 લોકો ઘાયલ છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે, કારણ કે બસોમાંથી કપાયેલા અંગો મળ્યા છે. પોલીસે તેમને 17 પોલિથીન બેગમાં ભરીને લઈ ગઈ છે. હવે ડીએનએ ટેસ્ટથી તેમની ઓળખ કરવામાં આવશે.

આ દુર્ઘટના થાણા બલદેવ વિસ્તારમાં માઈલસ્ટોન 127 પર થઈ. પોલીસ, ફાયર બ્રિગેડ અને SDRFના 50 જવાનો અને 9 પોલીસ સ્ટેશનોની પોલીસે 6 કલાકમાં બચાવ કામગીરી પૂરી કરી. દુર્ઘટનાના કારણે એક્સપ્રેસ-વે પર 3 કિમી લાંબો જામ લાગી ગયો હતો.

ટક્કર પછી રાહદારીએ પોલીસને ફોન કરીને જાણ કરી. પોલીસ પહોંચે તે પહેલા આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રત્યક્ષદર્શી ભગવાન દાસે જણાવ્યું કે ટક્કર



પછી એવું લાગ્યું જાણે બોમ્બ ફાટ્યો હોય. લોકો બસોના કાચ તોડીને બહાર કૂદી રહ્યા હતા. થોડી જ વારમાં બસો બળીને રાખ થઈ ગઈ. 10 મિનિટ પછી પોલીસ પહોંચી અને બચાવ કામગીરી શરૂ થઈ. અમે બસમાંથી 8-9 મૃતદેહો બહાર કાઢ્યા.

ઈજાગ્રસ્તોને 20 એમ્બ્યુલન્સ દ્વારા મથુરા જિલ્લા હોસ્પિટલ અને વૃંદાવન સંયુક્ત જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. ત્યારબાદ ગંભીર ઈજાગ્રસ્તોને આગ્રા મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા. પોલીસે બસોમાંથી મુશ્કેલીથી મૃતદેહોને બહાર કાઢ્યા.

જ્યારે, સીએમ યોગીએ મૃતકોના પરિવારજનો માટે 2-2 લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી.

કેવી રીતે થયો અકસ્માત

એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસ હતું. માઈલસ્ટોન 127 પર અચાનક સ્લીપર બસની સામે ધુમ્મસ આવી ગયું. આને કારણે ડ્રાઈવરે બ્રેક મારીને સ્પીડ ધીમી કરી. ત્યારબાદ પાછળ ચાલી રહેલી 6 બસો અને 4 કારો અથડાઈ ગઈ. ટક્કરથી એસી બસમાં આગ લાગી ગઈ. લોકોને ભાગવાનો પણ મોકો મળ્યો નહીં.

CMO રાધા બલ્લભે જણાવ્યું કે 2 ટીમ પોસ્ટમોર્ટમ કરશે. મૃતદેહોની ઓળખ માટે DNA ટેસ્ટ કરવામાં આવશે. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાખવા માટે 17 બેગ પહોંચી છે. તેમાં બળી ગયેલા લોકોના ટુકડા રાખવામાં આવ્યા છે. આ બધા અકસ્માત સ્થળેથી લાવવામાં આવ્યા છે. CMOએ જણાવ્યું કે સામાન્ય રીતે એક બેગમાં એક મૃતદેહ આવે છે, પરંતુ અકસ્માતમાં આગ લાગી હોવાથી તપાસ પછી જ કંઈક કહી શકાશે.

# દિલ્હીમાં AQI મહત્તમ 500ના સ્તરે, 228 ફ્લાઈટ્સ રદ....

**નવી દિલ્હી,તા.16**



દિલ્હી-એનસીઆરમાં સોમવારે ઝેરી સ્મોગનું સ્તર છવાયેલું રહ્યું. એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 'ગંભીર' શ્રેણીમાં પહોંચી ગયો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર, દિલ્હીના 40માંથી 27 મોનિટરિંગ કેન્દ્રો પર હવા 'સિવિયર' કેટેગરીમાં નોંધાઈ હતી. વજીરપુરમાં AQI 500 સુધી પહોંચી ગયો, જે મહત્તમ મર્યાદા છે. સીપીસીબી અનુસાર, 500થી ઉપર AQI નોંધવામાં આવતો નથી. ગાઢ ધુમ્મસને કારણે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશન પ્રભાવિત રહ્યું. સોમવારે દિલ્હી એરપોર્ટ પરથી ઘણી એરલાઈન્સે 228 ફ્લાઈટ્સ રદ કરી દીધી અને 5ને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરી દીધી. 250 ફ્લાઈટ્સ મોડી પડી. ભારતમાં આવેલા આર્જેન્ટિનાના ફૂટબોલર લિયોનલ મેસી ખરાબ હવામાનને કારણે પીએમ નરેન્દ્ર મોદીને મળી શક્યા નહીં. મેસીની મુંબઈથી દિલ્હી આવતી ચાર્ટર્ડ ફ્લાઈટ ધુમ્મસને કારણે મોડી ઉડાન ભરી. તે જ સમયે, પીએમ એક કલાકના વિલંબથી ત્રણ દેશોની યાત્રા પર રવાના થયા. મેસીની પીએમ મોદી સાથે સવારના સમયે મુલાકાત નક્કી હતી.

આ દરમિયાન, પ્રદૂષણને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે શાળાઓમાં ધોરણ પાંચ સુધીના વર્ગો ફક્ત ઓનલાઈન ચલાવવાના આદેશો જારી કર્યા છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વકીલો અને પક્ષકારોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાઈબ્રિડ મોડ દ્વારા હાજર રહેવાની સલાહ આપી છે. સુપ્રીમ કોર્ટ દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ સંબંધિત અરજી પર 17 ડિસેમ્બરે સુનાવણી કરશે. વાયુ પ્રદૂષણની અસર માત્ર મનુષ્યો પર જ નહીં, પાલતુ પ્રાણીઓ અને પક્ષીઓ પર પણ દેખાઈ રહી છે. પશુચિકિત્સકોના મતે, શ્વાસની તકલીફ, આંખોમાં બળતરા, ચેપ અને પેટ સંબંધિત બીમારીઓ સતત વધી રહી છે. ડોક્ટરોએ જણાવ્યું કે, PM 2.5 જેવા સૂક્ષ્મ કણો પ્રાણીઓના ફેફસાંમાંથી લોહીમાં ભળી જાય છે. તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી રહી છે.

હાઉસ ઓફ સ્ટ્રે એનિમલ્સ NGO ના સ્થાપક અને પશુચિકિત્સક ડો. સંજય મોહપાત્રાના જણાવ્યા અનુસાર, છેલ્લા દોઢ મહિનામાં 55 થી 60 કૂતરા-બિલાડીઓમાં ફેફસાંની ગંભીર સમસ્યા જોવા મળી છે.

# જોર્ડન પ્રવાસે પીએમ મોદી માટે ખાસ સન્માન : ક્રાઉન પ્રિન્સ જાતે ડ્રાઈવ કરીને મ્યુઝિયમ લઈ ગયા

**અમ્માન,તા.16**



જોર્ડનની સત્તાવાર મુલાકાત દરમિયાન મંગળવારે પીએમ મોદીને વિશેષ સન્માન આપવામાં આવ્યું. ક્રાઉન પ્રિન્સ અલ હુસૈન બિન અબ્દુલ્લા પોતે ગાડી ચલાવીને વડાપ્રધાન મોદીને જોર્ડન મ્યુઝિયમ સુધી લઈ ગયા. આ પહેલા મોદી ભારત-જોર્ડન બિઝનેસ ફોરમની બેઠકમાં સામેલ થયા. તેમાં તેમણે કહ્યું કે ભારતનો વિકાસ દર 8 ટકાથી વધુ છે. આ સુશાસન અને ઈનોવેશન પર આધારિત નીતિઓનું પરિણામ છે. મોદી ગઈકાલે સાંજે જોર્ડન પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે જોર્ડનના કિંગ અબ્દુલ્લા સાથે મુલાકાત કરી હતી. બંને દેશો વચ્ચે 5 મહત્ત્વપૂર્ણ કરારો થયા. જોર્ડનનો પ્રવાસ પૂરો કર્યા બાદ પીએમ ઈથોપિયા જવા રવાના થયા છે.

ઈથોપિયા ક્યારેય યુરોપિયન દેશોનો ગુલામ બન્યો નહીં. 19મી સદીના અંતમાં જ્યારે યુરોપિયન શક્તિઓ આફ્રિકાને એકબીજામાં વિભાજીત કરી રહી હતી, ત્યારે ઈથોપિયન સમ્રાટ મેનેલીક બીજાએ સમયસર આ ભયને ઓળખ્યો અને દેશને એક કર્યો. તેમણે આધુનિક શસ્ત્રોથી સેનાને મજબૂત બનાવી. મેનેલીક બીજાએ ફ્રાન્સ, રશિયા અને અન્ય દેશો પાસેથી સમયસર આધુનિક શસ્ત્રો ખરીદ્યા. આનાથી ઈથોપિયન સેના યુરોપિયન દળોનો સામનો કરવા સક્ષમ બની. ઈટાલીએ 1896માં ઈથોપિયા પર વસાહતીકરણ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈથોપિયાએ તેને યુદ્ધમાં નિર્ણાયક રીતે હરાવ્યો. આ પહેલીવાર હતું જ્યારે કોઈ આફ્રિકન દેશે ખુલ્લા યુદ્ધમાં યુરોપિયન શક્તિને હરાવી હતી. આ વિજયે ઈટાલીની વસાહતી મહત્વાકાંક્ષાઓને તોડી પાડી અને યુરોપિયન શક્તિઓને ઈથોપિયાની સાર્વભૌમત્વને માન્યતા આપવા દબાણ કર્યું. ત્યારબાદ ઈથોપિયાએ કુશળતાપૂર્વક આંતરરાષ્ટ્રીય રાજદ્વારીનો ઉપયોગ કર્યો અને પોતાને એક માન્ય સાર્વભૌમ રાજ્ય તરીકે સ્થાપિત કર્યું.

જોકે ફાશીવાદી ઈટાલીએ 1936માં થોડા વર્ષો માટે ઈથોપિયા પર કબજો કર્યો હતો, આ કબજો કામચલાઉ અને વિવાદાસ્પદ હતો. 1941માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈથોપિયાએ પોતાની સ્વતંત્રતા પાછી મેળવી. આ જ કારણ છે કે ઐતિહાસિક રીતે ઈથોપિયા એકમાત્ર આફ્રિકન દેશ માનવામાં આવે છે જેને યુરોપિયન દેશોએ ક્યારેય ગુલામ બનાવ્યો ન હતો. 2023-24માં બંને દેશો વચ્ચે ભારતનો વેપાર 5,175 કરોડ હતો. આ સમયગાળા દરમિયાન, ભારતે 4,433 કરોડની નિકાસ કરી હતી, જ્યારે ઈથોપિયાએ 742 કરોડની નિકાસ કરી હતી.

ઈથોપિયા ભારતમાંથી લોખંડ, સ્ટીલ, દવા અને ફાર્માસ્યુટિકલ્સ, મશીનરી અને સાધનોની આયાત કરે છે. ભારત ઈથોપિયામાંથી કઠોળ, કિંમતી પથ્થરો, શાકભાજી અને બીજ, ચામડું અને મસાલાની આયાત કરે છે. ભારત અને ઈથોપિયા વચ્ચે વેપાર સંબંધો 1940ના દાયકામાં શરૂ થયા હતા. બંને દેશો વચ્ચે વેપાર સ્વતંત્રતા પહેલા પણ શરૂ થયો હતો. 1950માં રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા પછી ઔપચારિક વેપાર શરૂ થયો હતો. પીએમ મોદી ઈથોપિયા જઈ રહ્યા છે. આ વર્ષે આ તેમનો ચોથો આફ્રિકન પ્રવાસ છે. અગાઉ, મોદીએ દક્ષિણ આફ્રિકા, ઘાના અને નામિબિયાની મુલાકાત લીધી છે.

પીએમ મોદીનો ઈથોપિયાનો આ પહેલો પ્રવાસ છે. અગાઉ, તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહે 2011માં મુલાકાત લીધી હતી. ઈથોપિયા આફ્રિકાનો બીજો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ છે. આફ્રિકન યુનિયનનું મુખ્ય મથક પણ અહીં આવેલું છે. વિદેશ મંત્રાલયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોર્ડન યાત્રા પર પ્રેસ બ્રીફિંગ કરી. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને જોર્ડને આગામી પાંચ વર્ષમાં તેમના દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 5 અબજ ડોલર (45 હજાર કરોડ) સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. સાથે જ ફર્ટિલાઈઝર, ખાસ કરીને ફોસ્ફેટ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને મજબૂત કરવા પર પણ ભાર મૂક્યો છે. વિદેશ મંત્રાલયના સચિવ નીના મલ્હોત્રાએ આ અંગે જાણકારી આપી.

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલને રાહત : દિલ્હી કોર્ટે EDની ફરિયાદ ફગાવી

### આ કેસ કોઈ FIR નહીં, પરંતુ ખાનગી ફરિયાદ સાથે જોડાયેલો છે

**નવી દિલ્હી,તા.16**



દિલ્હીની એક કોર્ટે મંગળવારે નેશનલ હેરાલ્ડ મની લોન્ડ્રિંગ કેસમાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને 5 અન્ય વિરુદ્ધ સંજ્ઞાન લેવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે જ પ્રવર્તન નિર્દેશાલય (ED)ની ફરિયાદ પણ ફગાવી દીધી હતી. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ (પીસી એક્ટ) વિશાલ ગોગનેએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે આ મામલો કોઈ FIR પર નહીં, પરંતુ એક ખાનગી ફરિયાદ પર આધારિત છે. તેથી ED દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ દાખલ કરવામાં આવેલી ફરિયાદ વિચારણા યોગ્ય નથી.

કોર્ટે કહ્યું કે - મની લોન્ડરિંગનો મામલો PMLAની કલમ 3માં વ્યાખ્યાયિત અને કલમ 4 હેઠળ દંડનીય છે. આ કેસ ત્યાં સુધી વિચારણા યોગ્ય નથી, જ્યાં સુધી તે અધિનિયમની યાદીમાં નોંધાયેલા કોઈ ગુના સાથે સંકળાયેલો ન હોય અથવા તે મામલામાં FIR દાખલ ન થઈ હોય. નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ અને સોનિયા ઉપરાંત સુમન દુબે, સેમ પિત્રોડા, યંગ ઈન્ડિયન, ડોટેક્સ મર્ચન્ડાઈઝ અને સુનીલ ભંડારી આરોપી છે. તેમના પર નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશક, એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) કંપનીની 2,000 કરોડથી વધુની સંપત્તિ હડપવાનો આરોપ છે. સોનિયા અને રાહુલ ગાંધીએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) હડપવાનો પ્રયાસ કર્યો. ED મુજબ, AJL ખોટમાં હતી. બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિ હોવા છતાં, AJL એ કોંગ્રેસ પાસેથી 90 કરોડ રૂપિયાની લોન લીધી અને ચૂકવી શકી નહીં. સામાન્ય રીતે આવી સ્થિતિમાં સંપત્તિઓ વેચવામાં આવે છે. આ પછી, સોનિયા અને રાહુલે AJL હડપવાનું કાવતરું ઘડ્યું. આ માટે યંગ ઈન્ડિયન (YI) નામની કંપની બનાવવામાં આવી. આ કંપનીએ AJL નું અધિગ્રહણ કર્યું. YI માં સોનિયા અને રાહુલનો 76% હિસ્સો છે. આરોપ છે કે આ દેખાડવા પૂરતું ફંડિંગ હતી. ખરેખરમાં AJL સાથે કોઈ લેણદેણ કરવામાં આવી ન હતી. નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટનો ચુકાદો ત્રીજી વખત ટળી ગયો છે.




# હીરાની ફેક્ટરીમાં આગમાં ફસાયેલા 70 રત્નકલાકારોનું રેસ્ક્યૂ કરાયું

## રીજા જેમ્સ ડાયમંડ કંપનીમાં શોર્ટ સર્કિટથી બે માળમાં આગ લાગી, ફાયર વિભાગે 2 કલાકે આગ પર કાબૂ મેળવ્યો

**સુરત, તા.16**

સુરતમાં આવેલી રિજા જેમ્સ નામની હીરાની કંપનીમાં રાત્રે શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હીરાનું કારખાનું ચાલુ હતું અને આગની ઘટના બનતા રત્નકલાકારોમાં ડરનો માહોલ ઊભો થઈ ગયો હતો. પાંચ માળની હીરા કંપનીનો ત્રીજો અને ચોથો માળ આગની ઝપેટમાં આવી ગયો હતો. જેના પગલે 70થી વધુ રત્નકલાકારો ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા પાંચ ફાયર સ્ટેશનની બહારથી વધુ ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને રત્નકલાકારોનું પ્રથમ રેસ્ક્યૂ કર્યું હતું અને એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. આ સમગ્ર ઘટનામાં કોઈ થવા પામી નથી.





મળતી માહિતી પ્રમાણે, સુરતના કાપોદ્રા વિસ્તારમાં કર્મનાથ મહાદેવ મંદિરની સામે વરાછા મેઈન રોડ પર રિજા જેમ્સ નામની ડાયમંડ કંપની આવેલી છે. ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળના બિલ્ડિંગમાં હીરાના કારખાના ચાલી રહ્યા છે. રાત્રે ફાઈલ કંટ્રોલમાં જાણ કરવામાં આવી હતી કે રિજા જેમ્સ ડાયમંડ કંપનીમાં આગનો બનાવ બન્યો છે. જેના પગલે અશ્વિનીકુમાર, મોટા વરાછા, સરથાણા, પુણા અને કાપોદ્રા ફાયર સ્ટેશનની બહાર જેટલી ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

સબ ફાયર ઓફિસર સુધીર ગઢવીએ જણાવ્યું હતું કે, ફાયરનો કાફલો જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે ત્રીજા માળે શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની જાણ થઈ હતી. ત્રીજા માળની અંદર બનાવવામાં આવેલા પ્લાયવુડના પાટેશન આગની ઝપેટમાં આવી ગયા હતા. આગ પ્રસરીને ચોથા માળ સુધી પહોંચી ગઈ હતી. આગની વચ્ચે ફસાયેલા છ જેટલા રત્નકલાકારોને બચાવી લેવામાં આવ્યા હતા. ડાયમંડ કંપનીના પાંચમા માળે બચવા માટે પહોંચી ગયેલા 70થી વધુ રત્નકલાકારો ફસાઈ ગયા હતા.

ફાયર વિભાગના જવાનો દ્વારા તાત્કાલિક આગ પર કાબૂ મેળવવાની સાથે રત્નકલાકારોને રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાદર સુધી પહોંચી ગયેલી અગ્નિ જ્વાળાઓને કાબૂમાં કરીને તમામ રત્નકલાકારોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. ફાયર વિભાગ દ્વારા ઓક્સિજન માસ્ક પહેરીને આંખ પર કાબૂ મેળવવાની ફરજ પડી હતી. કારખાનાની અંદર રહેલા પ્લાયવુડના પાટેશન સહિતનું વાયરીંગ સળગી ઊઠ્યું હતું. જેથી ધુમાડો વધુ હોવાથી ફાયરના જવાનોને પણ મુશ્કેલી પડી હતી.

ફાયર બ્રિગેડ દ્વારા બે કલાકથી વધુ સમય આંખ પર કાબૂ મેળવતા થયો હતો. આ સમગ્ર આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની થવા પામી નથી. આગની ઘટનામાં ત્રીજા અને ચોથા માળનું ફર્નિચર અને વાયરીંગ સળગીને ખાખ થઈ ગયું હતું. આ સાથે જ રેસ્ક્યૂ કરવામાં આવેલા તમામ રત્નકલાકારો સહી સલામત હતા. બિલ્ડીંગની અંદર ફાયર સેફ્ટીની સુવિધા હતી. જો કે, વાયરીંગ બળી જવાના કારણે તેનો ઉપયોગ થઈ શક્યો ન હતો.

**અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર અકસ્માત**

# ભરૂચમાં લગ્નમાંથી પરત ફરતા પરિવારની રિક્ષા નાળાની દીવાલ સાથે અથડાઈ, નાળામાં ફેંકાતા સગીરનું મોત....

**વડોદરા, તા.16**

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ભરૂચથી વડોદરા તરફ કિયા ગામના પાટિયા નજીક એક વધુ ગમખ્વાર અકસ્માત થયો છે. મુસાફરોથી ભરેલી એક રિક્ષા નાળાની દીવાલ સાથે ભટકાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષા ચાલક સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચી છે, જ્યારે પટકાઈને નાળામાં ફેંકાઈ જતા 15 વર્ષીય સગીરનું મોત નિપજ્યું છે.

ભરૂચ જિલ્લાના પાલેજથી વડોદરા જિલ્લાના કરજણ તરફ જતી રિક્ષામાં રીક્ષા ચાલક સહિત તેના પરિવારના 5 સભ્યો બેઠેલા હતા, જેમાં ત્રણ બાળકોનો સમાવેશ થતો હતો. આ પરિવાર ભરૂચમાં લગ્ન પ્રસંગેથી કરજણ



પરત ફરી રહ્યો હતો, ત્યારે રામદેવ હોટલ પાસે રિક્ષા ચાલક સ્ટીયરિંગ પરથી નિયંત્રણ ગુમાવી બેઠો હતો અને રિક્ષા બાજુના નાળા સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને પગલે આપસપાસના લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે, રિક્ષામાં બેઠેલા તમામ મુસાફરો ઉછળી પડ્યા હતા. તેમાં 46 વર્ષીય જાવેદભાઈ, 46 વર્ષીય શિષયત મહેંદવી, 14 વર્ષીય રિયાન, 10 વર્ષીય જૈદ અને 16 વર્ષીય તજમુલ મહેંદવી સામેલ હતા. આ પૈકી 16 વર્ષીય તજમુલ રિક્ષામાંથી ઉછળી જઈ બાજુમાં આવેલા નાળામાં ખાબક્યો હતો. જેથી તેને ગંભીર ઈજાઓ થવાથી તજમુલનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે ચાર લોકોને ઈજા થતા તાત્કાલિક કરજણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઈવે નંબર 48 પર અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. બેફામ દોડતા વાહનોના કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે. તાજેતરમાં પણ આ જ હાઈવે પર થયેલા અકસ્માતોમાં અનેક લોકોના મોત થયા છે.

# 5000 લોકોને પાણીની પારાયણ : રાજકોટના સંતકબીર રોડ પર ફોર્સથી પાણી ન આવતા ટેન્કરના સહારે....

**રાજકોટ, તા.16**

રાજકોટના સંતકબીર રોડ ઉપર આવેલી શક્તિ સોસાયટી, ચંપકનગરથી ગોવિંદબાગ શાકમાર્કેટ સુધી તેમજ સિલ્વર નેસ્ટ વિસ્તારમાં ફોર્સથી પાણી ન મળતા 5000 જેટલા લોકો પરેશાન છે. જેને લઈને આજે મહિલાઓ વિફરી હતી અને સ્થાનિક કોર્પોરેટરોને રજૂઆત કરી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા દોઢ મહિનાથી પાણી ફોર્સથી ન આવતા ટેન્કર મંગાવવા પડે છે. ધારાસભ્ય ઉદય કાનગડને ફોન કરવામાં આવે તો તેઓ ફોન ઉપાડતા નથી. મત માંગવા હોય તો આવી જાય છે પરંતુ અમારી સમસ્યા સાંભળવાનો સમય નથી. જેથી અમારી માંગ છે કે ફોર્સથી પાણી આપવામાં આવે અથવા તો ટેન્કરના પૈસા મળે.

રાજકોટની શક્તિ સોસાયટીમાં રહેતા મહિલા પ્રતીક્ષાબેને જણાવ્યું હતુ કે, સંત કબીર રોડ ઉપર શક્તિ સોસાયટીમાં રહીએ છીએ અને અમે અમારા વિસ્તારના કોર્પોરેટર ભાવેશ દેથરીયાને રજૂઆત કરવા માટે આવ્યા છીએ. અમારે અહીં એક મહિનાથી DI પાઈપલાઈન આવી ગઈ છે પરંતુ ફોર્સથી પાણી આવતું નથી. જેને કારણે પીવાનું



પાણી માંડ ભરાય છે અને ઘર વપરાશમાં લેવા માટે પાણી મળતું નથી જેને કારણે ટેન્કરથી પાણી મંગાવવું પડે છે.

આ વિસ્તારમાં દરરોજ ટેન્કરથી પાણી મંગાવવાને કારણે એક ટેન્કરના રૂ.500 તો પાણીની રિક્ષા મંગાવીએ તો રૂ.200 થાય છે. જોકે અમે મજૂર વર્ગ હોવાથી તે પૈસા આપને પોષાતા નથી. અમારી આ સમસ્યા બાબતે વિસ્તારના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડને ફોન કરીએ છીએ પરંતુ તેઓ અમારા ફોન ઉપાડતા નથી. જેથી અમારું એટલું જ કહેવું છે કે અમને ફોર્સથી પાણી પહોંચાડવામાં આવે અથવા તો પાણીના ટેન્કરના પૈસા આપવામાં આવે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે મત માંગવા હોય ત્યારે ભાજપના ધારાસભ્ય આવી જાય છે પરંતુ અમારી સમસ્યા સાંભળતા નથી.

જ્યારે વોર્ડ નંબર 6 ના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયાએ જણાવ્યુ હતુ કે, દોઢ મહિનાથી કોર્પોરેશન દ્વારા ડી.આઈ. પાઈપલાઈનથી પાણી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચંપકનગર રોડથી ગોવિંદ બાદ શાકમાર્કેટ સુધી તેમજ શક્તિ સોસાયટી શેરી નંબર -13 અને 14 માં તો સિલ્વર નેસ્ટના અમૂક ભાગોમાં પાણીનો ફોર્સ આવતો નથી. તેની ભયંકર ફરિયાદો છે તેને લઈને કોર્પોરેટરો દ્વારા કોર્પોરેશનના સીટી ઈજનેર શ્રીવાસ્તવ સહિતનાને રજૂઆત કરેલી છે. જોકે તેમના દ્વારા આશ્વાસન આપવામાં આવે છે કે થોડા દિવસોમાં પ્રશ્ન દૂર થઈ જશે. એક સાથે વધુ વિસ્તારમાં પાણી વિતરણને બદલે થોડા થોડા વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવે તો ઓછા ફોર્સનું નિરાકરણ લાવી શકાય. કોર્પોરેશનની ટીમ આજીડેમના ટાંકા પાસે પ્રેશર તપાસવા માટે પહોંચ્યા હતા પરંતુ હજુ ઉકેલ આવ્યો નથી.

# સુરતના 'લિટલ ગોવા'માં SOGનો દરોડો

## શંકાસ્પદ તમાકુ, ગાંજા ક્રશર, ચલમ, રિમોટ જેવા ડિજિટલ કાંટા અને 'એકે-47 હુક્કા'મળી આવ્યા, દૃશ્યો જોઈ પોલીસ ચોંકી ઉઠી

**સુરત, તા.16**

સુરતમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સની બદીને સંપૂર્ણ ડામી દેવા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. પરંતુ, કાયદાની છટકબારી શોધીને શહેરમાં ડ્રગ્સ લેવા માટેના સામાનનો બેરોકટોક વેપલો થતો હોવાનું પણ સામે આવ્યું છે. સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ દ્વારા શહેરના પોશ ગણાતા સિટીલાઈટ વિસ્તારમાં આવેલી 'લિટલ ગોવા'માં દરોડો પાડતા અંદરની સ્થિતિ જોઈ અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

પોલીસકર્મીઓને ઘટનાસ્થળેથી વિદેશી ભાષાના લખાણવાળા તમાકુના શંકાસ્પદ પેકેટ, અલગ અલગ ડિઝાઈનના હુક્કા, ડિજિટલ વજન કાંટા મળી આવ્યા હતા. પોલીસે દુકાનમાંથી શંકાસ્પદ તમાકુનો જથ્થો મળતા એફએસએલની મદદ લેવામાં આવી છે.

'ગોગો પેપર' પર પોલીસની કાર્યવાહી બાદ પોલીસ જ્યારે એક્શન મોડમાં આવી ત્યારે સિટી લાઈટ વિસ્તારમાં આવેલી ત્રણ દુકાનો પર SOGની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં એક દુકાનનું



નામ હતું - 'લિટલ ગોવા'. નામ પ્રમાણે જ જ્યારે પોલીસ કાનમાં પ્રવેશી ત્યારે તેમને લાગ્યું કે તેઓ સુરતમાં નહીં પણ ગોવાની જાણીતી ક્લબમાં આવી ગયા છે. દુકાનની અંદરનો માહોલ, લાઈટિંગ અને ત્યાં સજાવવામાં આવેલી વસ્તુઓ સ્પષ્ટ ઈશારો કરતી હતી કે અહીં માત્ર પાન-મસાલા નહીં પણ 'કંઈક વિશેષ' વેચાઈ રહ્યું છે.

તપાસ દરમિયાન સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે અહીં 'અંબર લીફ' નામના વિદેશી ટોબેકોનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું હતું. ભારતીય કાયદા મુજબ કોઈપણ તમાકુની પ્રોડક્ટ પર ગુજરાતી કે અંગ્રેજીમાં સ્પષ્ટ ચેતવણી અને કેન્સરના ફોટા હોવા ફરજિયાત છે. પરંતુ અહીં મળી આવેલા પેકેટ્સ પર માત્ર વિદેશી ભાષામાં લખાણ હતું. આનો સીધો અર્થ એ છે કે આ માલ ગેરકાયદેસર રીતે ઈમ્પોર્ટ કરીને અથવા સ્મગલિંગ દ્વારા અહીં લાવવામાં આવ્યો હતો અને યુવાનોને આકર્ષવા માટે 'ઈમ્પોર્ટેડ'ના નામે વેચવામાં આવી રહ્યો હતો.

પોલીસની તપાસમાં દુકાનમાંથી જે સૌથી શંકાસ્પદ વસ્તુ મળી આવી છે, તે છે - ડિજિટલ વજન કાંટા. સામાન્ય રીતે સોનીની દુકાને જોવા મળતા કાંટા અહીં પાનના ગલ્લે શેની માટે? વધુ તપાસ કરતા પોલીસને માલૂમ પડ્યું કે આ કોઈ સામાન્ય કાંટા નહોતા. આ વજન કાંટા સાઈઝમાં એકદમ નાના, ટીવી કે કારના રિમોટ જેવા દેખાતા હતા. આટલા નાના અને અત્યંત સેન્સિટિવ કાંટાનો ઉપયોગ સામાન્ય રીતે સોનું તોલવા માટે નહીં, પરંતુ ગાંજા કે ડ્રગ્સ જેવા નશાકારક પદાર્થોનું ગ્રામ અને મિલિગ્રામમાં વજન કરવા માટે થાય છે.

દુકાનોના શો-કેસમાં કાચની અને અન્ય મટિરિયલની આકર્ષક ડિઝાઈનવાળી ચલમો સજાવેલી હતી. સામાન્ય રીતે સાધુ-સંતો જે ચલમનો ઉપયોગ કરે છે, તે હવે મોડર્ન અવતારમાં યુવાનોના હાથમાં પહોંચી રહી છે. એટલું જ નહીં, ગાંજાને વાટવા કે ભુક્કો કરવા માટે ખાસ પ્રકારના 'ક્રશર મશીન' પણ અહીંથી મળી આવ્યા હતા. આ સાધનોની હાજરી જ એ વાતની સાબિતી છે કે ગોગો પેપર તો માત્ર શરૂઆત છે, અંદરખાને આખી ડ્રગ્સ કન્ઝમ્પશન કિટ વેચવામાં આવી રહી હતી.

દુકાનમાંથી હુક્કાઓનો જથ્થો પણ મળી આવ્યો હતો. જેમાં સાદા કાચના હુક્કાથી લઈને ઈલેક્ટ્રીક હુક્કા અને ખાસ કરીને AK-47 રાઈફલની ડિઝાઈનવાળા હુક્કા જોઈને સૌ ચોંકી ગયા હતા. યુવાનોમાં હિંસા અને નશાનું મિશ્રણ કરીને એક અલગ જ 'સ્વેગ' ઉભો કરવા માટે આવી પ્રોડક્ટ્સ વેચવામાં આવી રહી હતી. અલગ-અલગ ફ્લેવરના હુક્કાના મસાલા પણ મોટી માત્રામાં જપ્ત કરવામાં આવ્યા છે.

આ ગંભીર બાબતે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, દરોડા દરમિયાન વિદેશી બ્રાન્ડના ફ્લેવર, હુક્કા, ડિજિટલ કાંટા અને ગોગો પેપર સહિતની શંકાસ્પદ સામગ્રી કબજે કરવામાં આવી છે. આ તમામ વસ્તુઓ ખરેખર શું છે અને તેમાં કોઈ ડ્રગ્સના અંશો છે કે કેમ, તે જાણવા માટે તમામ સેમ્પલ FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)માં મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# 4 કિલોથી વધુ ગાંજા સાથે રિક્ષાચાલક અને મહિલાની ધરપકડ

## રાજકોટ SOGએ કોઠારીયા ચોકડી પાસેથી આરોપીઓને 2 લાખથી વધુના મુદ્દામાલ સાથે દબોચ્યા

**રાજકોટ, તા.16**

રાજકોટ શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા નશાના વેપાર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. 'SAY NO TO DRUGS' મિશન અંતર્ગત રાજકોટમાં માદક પદાર્થોના વેચાણને અટકાવવા માટે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે SOGની ટીમે ચોક્કસ બાતમીના આધારે કોઠારીયા ચોકડી પાસે દરોડો પાડીને ગાંજાના જથ્થા સાથે એક રિક્ષાચાલક પુરુષ અને એક ગુનાહિત ઈતિહાસ ધરાવતી મહિલાને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી 4 કિલોથી વધારે ગાંજો સહિત રૂ. 2 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ SOG શાખાની ટીમ તેના પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, કેટલાક શખસો ગાંજાના જથ્થા સાથે હેરફેર કરી રહ્યા છે. આ બાતમીના આધારે તા. 14/12/2025ના રોજ કોઠારીયા ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જતી સર્વિસ રોડ પર ખોડિયાર ટેકરીની સામે વોચ ગોઠવવામાં આવી હતી. આ



દરમિયાન શંકાસ્પદ હાલતમાં મળી આવેલા એક પુરુષ અને મહિલાની તપાસ કરતા તેમની પાસેથી માદક પદાર્થ ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે 40 વર્ષીય આરોપી મુસ્તાકભાઈ હબીબભાઈ નાકાણી (રહે. કોઠારીયા સોલવન્ટ) અને 30 વર્ષીય કરીનબેન ઉર્ફે ફરીદાબેન કરીમભાઈ શાહમદાર (રહે. કોઠારીયા સોલવન્ટ)ની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મુસ્તાકભાઈ રીક્ષા ડ્રાઈવીંગનો વ્યવસાય કરે છે, જ્યારે કરીનબેન કપડાના લે-વેચના વેપાર સાથે સંકળાયેલા છે. ખાસ વાત એ છે કે, આરોપી કરીનબેન અગાઉ પણ રાજકોટ ગ્રામ્યના શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલા હોવાનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસે આ દરોડા દરમિયાન કુલ રૂ. 2,11,250 ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં 4.025 કિલોગ્રામ ગાંજો જેની કિંમત રૂ. 2,01,250 થાય છે, તે ઉપરાંત રૂ. 5,000 ની કિંમતનો એક વીવો કંપનીનો મોબાઈલ અને રૂ. 5,000 ની કિંમતનો એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન તથા અન્ય વસ્તુઓ કબજે લેવામાં આવી છે. આ મામલે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે કે આ ગાંજાનો જથ્થો તેઓ ક્યાંથી લાવ્યા હતા અને કોને સપ્લાય કરવાનો હતો. તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# ખેડૂતના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું : બોચડવા ગામના વૃદ્ધ ખેડૂતના બંધ મકાનમાંથી રૂ.42,000ની મત્તાની ચોરી

**ભાવનગર, તા.16**

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના બોચડવા ગામમાં રહેતા એક વૃદ્ધ ખેડૂત પરિવાર લગ્ન પ્રસંગે બહાર ગયો હતો, ત્યારે તેમના બંધ મકાનને નિશાન બનાવીને તસ્કરો રૂ.42,000ની કિંમતનો સોના-ચાંદીનો દાગીના અને રોકડ રકમ ચોરી ગયા ફરિયાદ ઉમરાળા પોલીસ મથકે નોંધાવી હતી. આ બનાવ અંગે ઉમરાળા પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકા ના બોચડવા ગામમાં ખેતીકામ કરીને ગુજરાન ચલાવતા રવજીભાઈ ઝવેરભાઈ ગોરશીયા ઉ.વ.68 એ આ અંગે ફરિયાદ નોંધાવી હતી કે, તેમના પત્ની ગત તારીખ



27/11/2025 ના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યે રામપરા તા. બરવાળા ખાતે લગ્નમાં ગયા હતા. જતા પહેલા તેમણે ઘરના બંને રૂમને આગળીયા મારી અને મેઈન દરવાજે તાળું મારી દીધું હતું.

તારીખ 29/11/2025 ના રોજ સવારે અગિયાર વાગ્યે રવજીભાઈએ તેમના ગામના મુનાભાઈ દીનેશભાઈ ભટ્ટને ફોન કરીને બંધ મકાન પર એક આંટો મારવાનું કહેલું. મુનાભાઈએ ફોન કરીને જણાવ્યું કે તેમના ઘરનું તાળું તૂટેલું છે. આ સાંભળી રવજીભાઈ અને તેમના પત્ની તાત્કાલિક ઘરે પરત આવ્યા હતા.

ઘરે આવીને જોતા મેઈન દરવાજાનો નકુચો તૂટેલો હતો. અંદર જઈને તપાસ કરતા એક રૂમમાં રાખેલો લોખંડનો કબાટ ખુલ્લો હતો અને તેનું લોક પણ તોડી નાખવામાં આવ્યું હતું. કબાટમાં તપાસ કરતા સોનાનો હાર આશરે 6 તોલા, 30 વર્ષ જૂનો કિં.રૂ.30,000, ચાંદીના બે જોડ છડા કિં.રૂ.2,000, સોનાની ચીપ લગાવેલ પ્લાસ્ટિકની ચૂડી કિંમત રૂપિયા 3,000 તથા રોકડા રૂપિયા 7,000 મળી કુલ રૂપિયા 42,000 નો મુદામાલાની ચોરી થવા પામી હતી.

# રાજકોટ-દિલ્હીની સાંજની ઇન્ડિગોની ફ્લાઈટ કેન્સલ : ગાઢ ધુમ્મસનાં કારણે દિલ્હીની બે ફલાઈટ 3થી 4 કલાક ડીલે થતા મુસાફરો અટવાયા હતા

**રાજકોટ, તા.16**

શિયાળાની ઋતુમાં દિલ્હી ખાતે આજે વહેલી પરોઢથી ગાઢ ધુમ્મસ સાથે એરપોર્ટની વિઝિબીલીટી ખોરવાતા હવાઈ સેવામાં મોટો અવરોધ ઉભો થતાં અસંખ્ય ડોમેસ્ટીક/ઈન્ટરનેશનલ ફલાઈટ 1થી 4 કલાક સુધી ડીલે થતા તેની અસર રાજકોટનાં ઈન્ટરનેશનલની હવાઈ સેવામાં જોવા મળી હતી. સવારની બે ફલાઈટ 3થી 4 કલાક ડીલે થઈ હતી. સાથે આજે સાંજની ઈન્ડિગોની રાજકોટ-દિલ્હી ફલાઈટ કેન્સલ કરવામાં આવી છે.

આજે સવારે એર ઈન્ડિયાની AIC 885/886 રાજકોટ-દિલ્હી-રાજકોટ સવારના 9.25 કલાકનાં



બદલે 12-15 કલાકે આવી પરત દિલ્હી જવા ટેક ઓફ થઈ હતી. જ્યારે ઈન્ડિગોની AGO 6557/6558 સવારના 8 કલાકનાં બદલે બપોરે 12.30 કલાકે લેન્ડીંગ થયા બાદ પરત દિલ્હી જવા ટેક ઓફ થઈ હતી. દિલ્હી એરપોર્ટમાં વહેલી સવારે નિર્ધારીત સમયે ફલાઈટમાં રાજકોટ આવવા બેસેલા મુસાફરોને 3થી 4 કલાક ફલાઈટમાં બેસી રહેવુ પડ્યુ હતું.

જોકે આ મુસાફરો માટે ત્યાં નાસ્તા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજની આ બન્ને ફલાઈટોમાં આગમન-પ્રસ્થાનનાં મુસાફરોની સંખ્યા ફુલ રહી હતી. દરમ્યાન આજે ઈન્ડીગોની રાતની IGO 6881/6862 રાજકોટ-દિલ્હી રાજકોટ ફલાઈટ કેન્સલ કરવામાં આવી છે તેની અગાઉથી મુસાફરોને જાણ કરી દેવામાં આવી છે. જેથી મુસાફરો તેમના માટે બીજી કોઈ વ્યવસ્થા કરી શકે અથવા પોતાની મુસાફરી મુલતવી રાખી શકે. જોકે કનેક્ટિંગ ફ્લાઈટ પકડવા માંગતા મુસાફરોને આ ફ્લાઈટ કેન્સલ થતા હલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# ગેસ ગ્રેનેડ મળતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો

## વડોદરામાં ધાર્મિક સ્થાનના ખોદકામ દરમિયાન ગેસ ગ્રેનેડ મળી આવતા દોડધામ મચી, બોમ્બ સ્ક્વોડની ટીમ પણ પહોંચી'40થી 50 વર્ષ જુનો ગ્રેનેડ છે

**વડોદરા, તા.16**

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા મહેબૂબપુરા પોલીસ ચોકી પાસે ભાથુજી મહોલ્લા નજીક ધાર્મિક સ્થાનના ખોદકામ દરમિયાન ગેસ ગ્રેનેડ મળી આવતા પોલીસ તંત્રએ દોડધામ કરી મૂકી હતી. આ ઘટનાએ વિસ્તારમાં ભારે ચકચાર જગાવી હતી. જેને પગલે આસપાસના લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જોકે, ગેસ ગ્રેનેડ નિર્જીવ હોવાથી પોલીસ તંત્ર અને વિસ્તારના લોકોએ રાહત અનુભવી હતી.

વડોદરા શહેરના નવાપુરા મહેબુબપુરા વિસ્તારમાં ધાર્મિક



સ્થાનનું ખોદકામ ચાલી રહ્યું છે. આ ખોદકામ દરમિયાન બૉમ્બ જેવો પદાર્થ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. એસીપી અશોક રાઠવા, સ્થાનિક નવાપુરા પોલીસ, બૉંબ સ્કવોડ સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી. બીજી બાજુ કૂતુહલવશ લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસ તપાસમાં ગેસ ગ્રેનેડ નીકળતા પોલીસ તંત્ર અને વિસ્તારના લોકોએ રાહત અનુભવી હતી.

બીજી બાજુ સ્થાનિક અગ્રણી શીલાબેન ઠાકોર સહિત લોકોએ ધાર્મિક સ્થળના ખોદકામ સમયે કોઈ ચોક્કસ ઈરાદો પાર પાડવા આ ગ્રેનેડ કોઈ મૂકી ગયો હોવાના આક્ષેપ કર્યા હતા, જોકે, પોલીસે સ્થાનિક લોકોના આક્ષેપોને ફગાવી દીધા હતા. અને વર્ષો જૂનો ગ્રેનેડ હોવાનો દાવો કર્યો હતો. આ મળી આવેલા ગ્રેનેડને લઈ અનેક ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

એસીપી અશોક રાઠવાએ જણાવ્યું હતું કે, આ ગેસ ગ્રેનેડ 40થી 50 વર્ષ કરતા જૂનો છે. આ ગ્રેનેડથી કોઈ જોખમ નથી. ગેસ ગ્રેનેડ મળતા બોમ્બ સ્ક્વોડની ટીમ સ્થળ પર પહોંચીને તપાસ કરી હતી, પરંતુ ગ્રેનેડ ડેડ હોવાનું જાણવા મળ્યું હતું. ગ્રેનેડની તપાસ માટે FSLની મદદ લેવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

## ભારતે UNમાં પાકિસ્તાનને ફટકાર લગાવી : ઈમરાન ખાનને જેલ, આસિમ મુનીરને ખુલ્લી છૂટ, રાજદૂત બોલ્યા- PAK આતંકવાદનું કેન્દ્ર

**નવી દિલ્હી, તા.16**




ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં પાકિસ્તાનને ઠપકો આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત હરીશ પર્વતનેનીએ મંગળવારે જણાવ્યું હતું કે પાકિસ્તાનની આંતરિક રાજનીતિમાં જે ઉથલપાથલ ચાલી રહી છે, તેનો સીધો સંબંધ તેના સરહદ પારના આતંકવાદ સાથે છે.

રાજદૂતે કહ્યું કે પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને જેલમાં ધકેલી દેવામાં આવ્યા, તેમની પાર્ટી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો, અને 27મા સુધારા દ્વારા સેનાએ બંધારણને પોતાના હિસાબે વાળી દીધું. ભારતે તેને 'બંધારણીય બળવો' ગણાવ્યો.

રાજદૂતે કહ્યું કે પાકિસ્તાન જે રીતે લોકશાહી અને કાયદા સાથે વર્તી રહ્યું છે, તે તેની ગંભીર સ્થિતિ દર્શાવે છે અને તે જ વિચારસરણી હેઠળ તે લાંબા સમયથી આતંકવાદને પણ પ્રોત્સાહન આપતું રહ્યું છે. રાજદૂતે પાકિસ્તાનને આતંકવાદનું કેન્દ્ર ગણાવ્યું.

UNSCમાં 'લીડરશિપ ફોર પીસ' વિષય પર થયેલી ડિબેટમાં રાજદૂત પર્વતનેનીએ કહ્યું કે ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં બંધ છે. વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલા કેસોમાં તેમના પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવી રહ્યા છે.

તેમણે સંયુક્ત રાષ્ટ્રના યાતના પર વિશેષ રિપોર્ટર એલિસ જિલ એડવર્ડ્સની તે ચિંતાનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં અદિયાલા જેલમાં ઈમરાન ખાન સાથે અમાનવીય વ્યવહારનો આરોપ લગાવવામાં આવ્યો છે.

ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપતા જમ્મુ-કાશ્મીર પરના તેના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. રાજદૂત હરીશ પર્વતનેનીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતના અભિન્ન અને અવિભાજ્ય અંગ હતા, છે અને હંમેશા રહેશે. પર્વતનેનીએ વધુમાં કહ્યું કે પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરનો બિનજરૂરી ઉલ્લેખ કરવો એ ભારતને નુકસાન પહોંચાડવાની તેની ખતરનાક વિચારસરણી દર્શાવે છે. રાજદૂતે પાકિસ્તાનને 'આતંકવાદનું કેન્દ્ર' ગણાવતા કહ્યું કે તે સંયુક્ત રાષ્ટ્ર જેવા મંચનો ઉપયોગ ભારત અને તેના લોકોને નુકસાન પહોંચાડવા માટે કરી રહ્યું છે. તેમણે પાકિસ્તાનની ટીકા કરતા કહ્યું કે અસ્થાયી સુરક્ષા પરિષદના સભ્ય હોવા છતાં તે લોકોને વિભાજીત કરતો એજન્ડા ચલાવી રહ્યું છે, જેના કારણે તે પોતાની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ પૂરી કરી શકતું નથી. તે જ સમયે ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના તેના નિર્ણયનો મજબૂતીથી બચાવ કર્યો. પર્વતનેનીએ કહ્યું કે 65 વર્ષ પહેલા ભારતે સદ્ભાવનાથી આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ પાકિસ્તાને તેનું ઉલ્લંઘન કરીને ત્રણ યુદ્ધો કર્યા અને હજારો આતંકવાદી હુમલા કરાવ્યા.

પર્વતનેનીએ કહ્યું, 'છેલ્લા ચાર દાયકામાં આતંકવાદને કારણે હજારો ભારતીયોએ જીવ ગુમાવ્યા છે. એપ્રિલ 2025માં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેમાં આતંકવાદીઓએ ધર્મના આધારે 26 નિર્દોષ નાગરિકોની હત્યા કરી હતી.' આ જ કારણોસર ભારતે સિંધુ જળ સંધિને ત્યાં સુધી સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે, જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના આતંકવાદ અને તમામ પ્રકારના આતંકવાદને ખતમ ન કરી દે. રાજદૂતે સ્પષ્ટ કહ્યું કે ભારત આતંકવાદનો પૂરી તાકાતથી મુકાબલો કરશે.

પાકિસ્તાન સરકારે 4 ડિસેમ્બરે આસિમ મુનીરને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) અને ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) તરીકે નિયુક્ત કર્યા હતા. બંને પદો પર તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે. આ નિમણૂકને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ મંજૂરી આપી હતી.

મુનીર પાકિસ્તાનના પ્રથમ સૈન્ય અધિકારી છે જે એકસાથે CDF અને COAS બંને પદ સંભાળશે. વડાપ્રધાન શાહબાઝ શરીફે નિમણૂકની ભલામણ કરતા રાષ્ટ્રપતિને સારાંશ મોકલ્યો હતો. મુનીરને આ જ વર્ષે ફિલ્ડ માર્શલના પદ પર બઢતી આપવામાં આવી હતી. પાકિસ્તાની સંસદે 12 નવેમ્બરે સેનાની તાકાત વધારતો 27મો બંધારણીય સુધારો પસાર કર્યો હતો. આ અંતર્ગત મુનીરને CDF બનાવવામાં આવ્યા. આ પદ મળતા જ તેમને પાકિસ્તાનના પરમાણુ હથિયારોની કમાન પણ મળી ગઈ, એટલે કે તેઓ દેશના સૌથી શક્તિશાળી વ્યક્તિ બની ગયા છે. ઈમરાન ખાન પર 100 થી વધુ કેસ ચાલી રહ્યા છે અને તેઓ ઓગસ્ટ 2023 થી જેલમાં છે. ભ્રષ્ટાચારના કેસમાં તેમને 14 વર્ષની સજા સંભળાવવામાં આવી છે, જેમાં સરકારી ભેટો (તોશાખાના કેસ) વેચવા અને સરકારી રહસ્યો લીક કરવા જેવા આરોપોનો સમાવેશ થાય છે.

ઈમરાન પર આરોપ છે કે તેમણે અલ-કાદિર ટ્રસ્ટ માટે પાકિસ્તાન સરકારની અબજો રૂપિયાની જમીનને સસ્તામાં વેચી દીધી હતી. આ કેસમાં ઈમરાનની 9 મે 2023 ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, સમગ્ર દેશમાં સેનાના ઘણા મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલા થયા હતા.

પાકિસ્તાનના નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો (NAB) એ અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં ડિસેમ્બર 2023માં ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબી અને અન્ય 6 વ્યક્તિઓ પર કેસ દાખલ કર્યો હતો. જોકે, જ્યારે ઈમરાન વિરુદ્ધ આ કેસ દાખલ થયો, તે પહેલાથી જ તેઓ તોશાખાના કેસમાં અડિયાલા જેલમાં બંધ હતા.

## તણખલાંની જેમ ધરાશાયી થયું બ્રાઝિલનું 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી'

### વાવાઝોડા સામે ન ટકી શકી 7 માળ ઊંચી પ્રતિમા, સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ થયો....

**બ્રાઝિલ, તા.16**



બ્રાઝિલમાં આવેલા એક શક્તિશાળી વાવાઝોડાએ રિયો ગ્રાન્ડે ડો સુલના ગુઆઈબા શહેરમાં એવું સ્વરૂપ બતાવ્યું કે બધા આશ્ચર્યચકિત થઈ ગયા. અહીં પવને રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને અમેરિકાની તર્જ પર બનેલી સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની 24 મીટર લાંબી પ્રતિકૃતિ (રેપ્લિકા) એક હવન મેગાસ્ટોરની બહાર ધરાશાયી થઈ ગઈ. આ ચોંકાવનારી ક્ષણને ઘણા લોકોએ પોતાના ફોનમાં વીડિયોના રૂપમાં કેદ કરી, જે ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી'નું આ વિશાળ સ્ટેચ્યુ એક ખાલી પાર્કિંગ પ્લેસમાં ધીમે ધીમે આગળની તરફ ઝૂકતી દેખાય છે અને અંતે જમીન પર પડી જાય છે. હવે તમારા મનમાં પણ વિચાર આવતો હશે કે આખરે પવન કઈ ગતિથી ફૂંકાઈ રહ્યો હતો કે તેણે આટલી વિશાળ પ્રતિમાને પણ પાડી દીધી. બ્રાઝિલની નાગરિક સુરક્ષા એજન્સી, ડેફેસા સિવિલ અનુસાર, મેટ્રોપોલિટન વિસ્તારમાં ગંભીર હવામાનની ચેતવણી જારી કરવામાં આવી હતી અને અહીં પવનની ગતિ 90 કિમી/કલાકથી વધુ થઈ ગઈ હતી. આ પ્રતિમાને 2020માં સ્થાપિત કરવામાં આવી હતી અને ઈજનેરો દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. આ પ્રતિમા 11 મીટરના કોંક્રિટ બેઝ પર બનાવવામાં આવી છે. પ્રતિમા પડ્યા પછી પણ આ કોંક્રિટ બેઝ અકબંધ રહ્યો. સારી વાત એ રહી કે પ્રતિમા ધરાશાયી થવાના થોડા સમય પહેલા જ ત્યાં આસપાસથી વાહનો અને લોકોને હટાવી દેવામાં આવ્યા હતા. આ જ કારણોસર, પ્રતિમા પડવાથી જાનમાલને કોઈ અન્ય નુકસાન થયું નથી.

મીડિયા રિપોર્ટ અનુસાર, ગુઆઈબાના મેયર માર્સેલો મારાનાટાએ ઘટનાની ઓનલાઈન પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે પવન 80 થી 90 કિમી/કલાકની ઝડપની નજીક પહોંચી ગયો હતો.

## ઈમરજન્સી લેન્ડિંગ વખતે પ્રાઈવેટ જેટ ક્રેશ, 7નાં મોત

### મેક્સિકોમાં અમદાવાદની જેમ જ બિલ્ડિંગ સાથે અથડાયું પ્લેન, થોડી જ સેકન્ડોમાં નીચે પડતાં આગનો ગોળો બન્યું

**મેક્સિકો, તા.16**



મેક્સિકોમાં સોમવારે એક નાનું વિમાન ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન ક્રેશ થઈ ગયું. તેમાં સાત લોકોના મોત થયા હતા જ્યારે 3 ગુમ છે. આ પ્રાઈવેટ જેટ એકાપુલ્કોથી ટોલુકા એરપોર્ટ માટે ઉડાન ભરી રહ્યું હતું, પરંતુ ઈમરજન્સી લેન્ડિંગના પ્રયાસમાં સેન મેટિયો એટેન્કો વિસ્તારમાં ક્રેશ થઈ ગયું. વિમાને એક ફૂટબોલ ફિલ્ડ પર લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ નજીકની એક ફેક્ટરીની મેટલ છત સાથે અથડાઈ ગયું, જેના કારણે આગ લાગી ગઈ. આગને કારણે વિસ્તારના લગભગ 130 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા. દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે, અને પ્રારંભિક અહેવાલોમાં એન્જિન ફેલિયરની વાત કહેવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે પ્રાઈવેટ જેટમાં 8 મુસાફરો અને 2 ક્રૂ મેમ્બર હતા. હાલમાં 7 લોકોના મૃતદેહ મળ્યા છે. બાકીના લોકોની શોધખોળ ચાલુ છે. મેક્સિકો સ્ટેટ સિવિલ પ્રોટેક્શન કોઓર્ડિનેટર એડ્રિયન હર્નાન્ડેઝે દુર્ઘટનાની જાણકારી આપી છે. આ દુર્ઘટના મેક્સિકો સિટીથી લગભગ 50 કિલોમીટર પશ્ચિમમાં આવેલા સાન માટિયો એટેન્કોમાં થઈ હતી, જે ટોલુકા એરપોર્ટથી 5 કિમી દૂર એક ઔદ્યોગિક વિસ્તાર છે. વિમાને મેક્સિકોના પ્રશાંત કિનારે આવેલા અકાપુલ્કોથી ઉડાન ભરી હતી. હર્નાન્ડેઝે જણાવ્યું કે વિમાનમાં 8 મુસાફરો અને 2 ક્રૂ રજિસ્ટર્ડ હતા. જોકે, ઘણા કલાકો વીતી ગયા પછી પણ 7 મૃતદેહો મળી આવ્યા છે.

હર્નાન્ડેઝે જણાવ્યું કે એવું લાગી રહ્યું છે કે પ્રાઈવેટ જેટે કટોકટીમાં એક ફૂટબોલ મેદાન પર લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે નજીકની એક ફેક્ટરીની છત સાથે અથડાઈ ગયું, જેના કારણે ભીષણ આગ લાગી ગઈ. તેમણે કહ્યું કે દુર્ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. સેન માટિયા એટેન્કોના મેયર એના મુનિઝે મિલેનિયો ટેલિવિઝનને જણાવ્યું કે આગ લાગવાના કારણે અધિકારીઓએ સુરક્ષાના પગલાં તરીકે આસપાસના વિસ્તારમાંથી લગભગ 130 લોકોને બહાર કાઢ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, આ વિમાન સેસના 650 સાઈટેશન III હતું, જેનું રજીસ્ટ્રેશન XA-PRO હતું. તેને સર્વિસીસ એરોસ એસ્ટ્રેલા ઓપરેટ કરતી હતી. ટકરાવાના થોડા સમય પહેલા પાયલટે એરપોર્ટ કંટ્રોલ ટાવરને એક ઈમરજન્સી મેસેજ મોકલ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે વિમાન નીચે પડી રહ્યું છે. થોડી જ સેકન્ડ પછી એક મોટો ધડાકો થયો, જેના પછી આગ લાગી ગઈ. કાળા ધુમાડાનો એક ઊંચો ગુબ્બારો ઉઠ્યો જે ઘણા કિલોમીટર દૂરથી દેખાઈ રહ્યો હતો.

## ઉધમપુરમાં સતત બીજા દિવસે એન્કાઉન્ટર, બે જવાન ઘાયલ : એક આતંકવાદીના ઘાયલ થવાની આશંકા...

**શ્રીનગર, તા.16**



જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં મજાલ્તા વિસ્તારના સોહન ગામ પાસે સતત બીજા દિવસે, મંગળવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ગોળીબારમાં સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) ના બે જવાન ઘાયલ થયા છે.

આશંકા છે કે આ દરમિયાન આતંકવાદીઓને પણ નુકસાન થયું છે. હાલ ગોળીબાર બંધ થઈ ગયો છે, પરંતુ સમગ્ર વિસ્તારને કડક સુરક્ષા ઘેરામાં રાખવામાં આવ્યો છે. આતંકવાદીઓના સંભવિત ભાગી છૂટવાના તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા છે. વિસ્તારમાં વધારાના દળો તહેનાત છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

ઉધમપુરમાં સોમવારે સાંજે અથડામણ શરૂ થઈ હતી. ગઈકાલે મોડી રાત સુધી ચાલેલા ગોળીબારમાં એક પોલીસકર્મીનું મોત થયું હતું. જ્યારે જૈશ-એ-મોહમ્મદ (JeM) ના એક આતંકવાદીને પણ ગોળી વાગી હોવાની આશંકા છે. અધિકારીઓએ જણાવ્યું કે ઓછામાં ઓછા ત્રણ આતંકવાદીઓ જંગલમાં છુપાયેલા છે. જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના છત્રુના કલાબન ફોરેસ્ટ એરિયામાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આતંકવાદીઓના ગોળીબારમાં એક જવાન ઘાયલ થયો હતો. સૂત્રો મુજબ, કિશ્તવાડના છત્રુમાં આતંકવાદીઓનું જૂથ ઘણા મહિનાઓથી એક્ટિવ છે. છેલ્લા એક વર્ષ દરમિયાન, ઊંચાઈવાળા જંગલી વિસ્તારોમાં છૂટીછવાઈ આતંકવાદી હિલચાલ જોવા મળી છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળોએ 2 આતંકવાદીઓને ઠાર કર્યા. 13 ઓક્ટોબરની સાંજે 7 વાગ્યાથી ભારત-પાકિસ્તાન બોર્ડર (LOC) નજીક કુંબકડીના જંગલમાં આ ઓપરેશન 12 કલાક સુધી ચાલ્યું હતું. આતંકવાદીઓએ અહીંથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેને સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યો.

8 સપ્ટેમ્બર 2025: કાશ્મીરના કુલગામમાં 2 આતંકવાદીઓ ઠાર સેનાએ કાશ્મીરના કુલગામમાં અથડામણ દરમિયાન 2 આતંકવાદીઓને ઠાર કર્યા હતા. ગુડ્ડરના જંગલોમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. સેનાએ તેને 'ઓપરેશન ગુડ્ડર' નામ આપ્યું હતું. આ દરમિયાન ઘાયલ થયેલા બે જવાનો પણ શહીદ થયા હતા.

13 ઓગસ્ટ : 13 ઓગસ્ટના રોજ જમ્મુ-કાશ્મીરના બારામુલામાં થયેલા ગોળીબારમાં ભારતીય સેનાનો એક જવાન શહીદ થયો છે. LoC પર ગોળીબારની આ ઘટના ઉરી સેક્ટરમાં લાઈન ઓફ કંટ્રોલ પર આવેલા ચુરુંડા ગામ નજીક થઈ હતી. 8 મે : LoC પર પાકિસ્તાની સેનાના ગોળીબારમાં જવાન લાન્સ નાયક દિનેશ કુમાર શહીદ થયા હતા. આ ગોળીબાર જમ્મુ-કાશ્મીરના પૂંછ, તંગધાર અને અન્ય સરહદી વિસ્તારોમાં થયો. શહીદ દિનેશ કુમાર 5 ફિલ્ડ રેજિમેન્ટના હતા.

12 એપ્રિલ : અખનૂરમાં 12 એપ્રિલના રોજ આતંકવાદીઓ સાથેની અથડામણમાં 9 પંજાબ રેજિમેન્ટના JCO કુલદીપ ચંદ શહીદ થયા હતા. અખનૂરના કેરી બટ્ટલ વિસ્તારમાં એક રાત પહેલા એન્કાઉન્ટર શરૂ થયું હતું.

28 માર્ચ : આ પહેલા 28 માર્ચે કઠુઆમાં થયેલી અથડામણમાં 2 આતંકવાદીઓ માર્યા ગયા હતા. જ્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ના 4 જવાનો તારિક અહેમદ, જસવંત સિંહ, જગબીર સિંહ અને બલવિંદર સિંહ શહીદ થયા હતા. આ ઉપરાંત DSP ધીરજ સિંહ સહિત ત્રણ જવાનો ઘાયલ થયા હતા.

## પાકિસ્તાનમાં ઘડાયું પહેલગામ હુમલાનું કાવતરું : 26 ટુરિસ્ટનાં મોતનો માસ્ટરમાઈન્ડ લશ્કરનો સાજિદ જટ્ટ, NIAની 1300 પાનાની ચાર્જશીટમાં મોટા ઘટસ્ફોટ.....

**જમ્મુ, તા.16**



નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ પહેલગામ આતંકી હુમલાના 237 દિવસ પછી સોમવારે 1300 પાનાની ચાર્જશીટ દાખલ કરી. જમ્મુમાં NIA સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરાયેલી ચાર્જશીટમાં હુમલાનું કાવતરું પાકિસ્તાનમાં ઘડવામાં આવ્યું હોવાના પુરાવા આપવામાં આવ્યા છે. પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) સહિત 7 આરોપી બનાવવામાં આવ્યા છે. ચાર્જશીટ મુજબ, આ હુમલો ધર્મના આધારે હત્યાનો હતો, જેમાં 25 પ્રવાસીઓ અને એક સ્થાનિક વ્યક્તિનું મોત થયું હતું. NIA એ પુરાવા રજૂ કરતા કહ્યું કે આ હુમલાનું કાવતરું પાકિસ્તાનથી ઘડવામાં આવ્યું છે. ચાર્જશીટની વિગતો હજુ સામે આવી નથી. ચાર્જશીટમાં પાકિસ્તાની હેન્ડલર સજ્જાદ જટ્ટનું નામ પણ છે. 28 જુલાઈએ ઓપરેશન મહાદેવમાં માર્યા ગયેલા ત્રણ પાકિસ્તાની આતંકીઓ ફૈઝલ જટ્ટ ઉર્ફે સુલેમાન શાહ, હબીબ તાહિર ઉર્ફે જિબ્રાન અને હમઝા અફઘાનીને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

આ જ વર્ષે 22 એપ્રિલે પહેલગામથી 6 કિમી દૂર બાયસરન ઘાટીમાં થયેલા આતંકી હુમલામાં 26 પ્રવાસીઓના મોત થયા હતા. 16 લોકો ઘાયલ થયા હતા. લોકોને તેમની ધાર્મિક ઓળખના આધારે નિશાન બનાવવામાં આવ્યા હતા.

પહેલગામ હુમલાની ચાર્જશીટ પર જમ્મુ-કાશ્મીરના CM ઉમર અબ્દુલ્લાએ કહ્યું- NIAએ તપાસ પૂરી કરી લીધી છે અને હવે ચાર્જશીટ દાખલ કરવામાં આવી રહી છે. દોષિત કે નિર્દોષનો નિર્ણય અદાલત કરશે.

પહેલગામ હુમલાના બે મહિના પછી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ પહેલગામના બે લોકોની ધરપકડ કરી હતી. NIAની તપાસમાં ખુલાસો થયો હતો કે આ બંનેએ હુમલાને અંજામ આપનારા ત્રણ આતંકવાદીઓને આશ્રય આપ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓના નામ પરવેઝ અહેમદ જોઠાર અને બશીર અહેમદ જોઠાર હતા.

NIA મુજબ, પરવેઝ અને બશીરે હુમલા પહેલા આ ત્રણેય આતંકવાદીઓને હિલ પાર્કમાં આવેલી એક અસ્થાયી ઢોક (ઝૂંપડી) માં જાણી જોઈને રોક્યા હતા. તેમણે તેમને ભોજન અને અન્ય સુવિધાઓ પૂરી પાડી હતી.

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના દાચીગામ નેશનલ પાર્ક પાસેના હરવાન વિસ્તારમાં સોમવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં 3 પાકિસ્તાની આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. તેમાં પહેલગામ હુમલાનો મુખ્ય આરોપી હાશિમ મૂસા પણ સામેલ હતો. સેનાએ આ કાર્યવાહી ઓપરેશન મહાદેવ હેઠળ કરી હતી. બાકીના બે આતંકવાદીઓની ઓળખ જિબ્રાન અને હમઝા અફઘાની તરીકે થઈ હતી.

ગૃહમંત્રી શાહે તેના બીજા દિવસે 29 જુલાઈએ સંસદમાં જણાવ્યું હતું કે- જે આતંકવાદીઓએ પહેલગામની બાયસરન ઘાટીમાં અમારા 26 પર્યટકોને માર્યા હતા, તેમને 28 જુલાઈએ ઓપરેશન મહાદેવમાં ઠાર કરવામાં આવ્યા. માર્યા ગયેલા ત્રણેય આતંકવાદીઓ પહેલગામ હુમલામાં સામેલ હતા. સુરક્ષા દળોએ પાકિસ્તાની વોટર ID-ચોકલેટથી પહેલગામના આતંકવાદીઓની ઓળખ કરી હતી.'

## લુથરા બ્રધર્સને થાઈલેન્ડથી દિલ્હી લવાયા : ગોવા પોલીસે એરપોર્ટ પરથી જ ધરપકડ કરી, 25 લોકોના મોત બાદ ભાગી ગયા હતા....

**નવી દિલ્હી, તા.16**



ગોવા નાઈટક્લબ 'બિર્ચ બાય રોમિયો લેન' આગ કેસના મુખ્ય આરોપી સૌરભ લુથરા અને ગૌરવ લુથરાને થાઈલેન્ડથી દિલ્હી લાવવામાં આવ્યા છે. મંગળવારે બપોરે લગભગ 2 વાગ્યે ભારતીય સુરક્ષા અધિકારીઓ બંને ભાઈઓ સાથે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા હતા.

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી જ ગોવા પોલીસે બંનેની ધરપકડ કરી. પછી તેમને પટિયાલા હાઉસ કોર્ટમાં ટ્રાન્ઝિટ રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર થતાં જ પોલીસ બંનેને ગોવા લઈ જશે.

ગોવાના બિર્ચ નાઈટ ક્લબમાં 6 ડિસેમ્બરે આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા. ઘટના પછી બંને ભાઈઓ ભારત છોડીને થાઈલેન્ડ ભાગી ગયા હતા. થાઈલેન્ડ પોલીસે 11 ડિસેમ્બરે ફુકેટમાં બંને ભાઈઓને કસ્ટડીમાં લીધા હતા. બંને પર બિન-ઈરાદાપૂર્વક હત્યા અને બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે.

લુથરા બ્રધર્સને થાઈલેન્ડમાં ત્યારે પકડવામાં આવ્યા હતા, જ્યારે બંને ભાઈ હોટેલમાંથી બહાર જમવા નીકળ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે 9 ડિસેમ્બરે થાઈ અધિકારીઓને જાણ થઈ કે જે ભાઈઓને પોલીસ ભારતમાં શોધી રહી હતી, તેઓ ફુકેટમાં છે.

ભારતીય એજન્સીઓ પાસેથી ઈનપુટ મળ્યા પછી થાઈ અધિકારીઓએ પહેલાથી જ હોટેલ પર નજર રાખવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે ભાઈઓ હોટેલમાંથી બહાર નીકળ્યા ત્યારે થાઈ ઈમિગ્રેશન અને પોલીસ અધિકારીઓએ તેમની ઓળખ અને મુસાફરીની વિગતો ચકાસી અને તેમને પકડી લીધા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૌરભ અને ગૌરવ, બર્ચ ક્લબ ઉપરાંત અન્ય 42 કંપનીઓ સાથે પણ સંકળાયેલા છે, જેમાંથી ઘણી માત્ર કાગળ પર જ અસ્તિત્વમાં છે. આ તમામ કંપનીઓ દિલ્હીમાં એક જ સરનામે (2590, ગ્રાઉન્ડ ફ્લોર, હડસન લાઈન, નોર્થ વેસ્ટ દિલ્હી) રજિસ્ટર્ડ છે.

કોર્પોરેટ રેકોર્ડ્સ દર્શાવે છે કે લુથરા ભાઈઓ આ કંપનીઓ અને લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (LLPs) માં ડિરેક્ટર અથવા પાર્ટનર તરીકે સૂચિબદ્ધ છે. આવી કંપનીઓનો ઉપયોગ સામાન્ય રીતે બેનામી વ્યવહારો અને મની લોન્ડરિંગ માટે થાય છે. જોકે, તેની તપાસ હજુ બાકી છે.

બીજી તરફ, ગુરુવારે ક્લબ માલિક સૌરભ લુથરા અને ગૌરવ લુથરાને થાઈલેન્ડમાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બર્ચ નાઈટ ક્લબમાં 6 ડિસેમ્બરે આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા. ઘટના બાદ બંને ભાઈઓ ભારત છોડીને થાઈલેન્ડ ભાગી ગયા હતા. બંને સામે ગેરઈરાદાપૂર્વક હત્યા અને બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે.

તપાસ એજન્સીઓ અનુસાર, સૌરભ અને ગૌરવ લુથરાએ થાઈલેન્ડ માટે ફ્લાઈટ ટિકિટ તે સમયે બુક કરી હતી, જ્યારે ગોવામાં તેમના નાઈટ ક્લબમાં ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે લુથરા ભાઈઓએ 6 ડિસેમ્બરની રાત્રે 1:17 વાગ્યે ઓનલાઈન ટ્રાવેલ કંપનીની વેબસાઈટ પર લોગ ઈન કર્યું હતું. બંને સવારે 5:30 વાગ્યે ઈન્ડિગો ફ્લાઈટ 6E 1073થી દિલ્હીથી ફુકેટ માટે રવાના થયા.

ગોવા પોલીસે વિદેશ મંત્રાલય અને CBI દ્વારા ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન (ઈન્ટરપોલ) તેમની ધરપકડની અપીલ કરી હતી. આ પછી ઈન્ટરપોલે તેમની વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ જારી કરી હતી.

લુથરા બ્રધર્સ, તેમના બિઝનેસ પાર્ટનર, મેનેજર અને કેટલાક કર્મચારીઓ દિલ્હીના રહેવાસી છે. તેથી ગોવા પોલીસની સાથે હવે દિલ્હી પોલીસ પણ આગ લાગવાના કેસની તપાસ કરી રહી છે. દિલ્હીમાં પણ એક કેસ નોંધવામાં આવ્યો છે.

## તંત્રી લેખ

# અદાણીને પણ હું સાયબર સિક્યોરિટી પૂરી પાડું છું'

જો તમારું ID હેક થાય તો તમે શું કરો? પોલીસ ફરિયાદ કરો? પણ આજથી વર્ષો પહેલાં 14 વર્ષના એક છોકરાનું ઈમેલ આઈડી હેક થયું અને એ છોકરાએ ઈતિહાસ રચી દીધો. નામ સન્ની વાઘેલા! 9મા ધોરણમાં ID હેક થયું એટલે પોતે હેકિંગ શીખવાની શરૂઆત કરી. થોડા સમયમાં તો પોલીસે પણ સન્નીની મદદ લીધી અને 26/11ના અને અમદાવાદી બોમ્બ બ્લાસ્ટમાં આરોપી પકડવામાં મદદ લીધી. સન્નીએ આગળ વધતાં સાઈબર સિક્યોરિટીની કંપની ખોલી. અમદાવાદના છોકરાએ શરૂ કરેલી 'ટેક ડિફેન્સ' અત્યારે 600 કરોડની સાયબર સિક્યોરિટી કંપની બની ચૂકી છે. જે અદાણીથી લઈ મોટી-મોટી 600 કંપનીઓને સાયબર સિક્યોરિટી પ્રોવાઈડ કરે છે. એટલું જ નહીં, સન્ની આજે પણ હજારો ઉત્સાહી યુવાનોને હેકિંગ શીખવાડે પણ છે. ખાસ સિરીઝ 'સ્ટાર્ટઅપ સ્ટોરીઝના બીજા એપિસોડમાં આજે આપણે વાત કરીશું ટેક ડિફેન્સના ફાઉન્ડર સન્ની વાઘેલા સાથે. 'હું 9મા ધોરણમાં હતો ત્યારથી જ મને હેકિંગમાં રસ.' સન્નીભાઈએ વાત ચાલુ કરી, '1999 બાજુની વાત છે, એ ટાઈમે કોઈએ મને ફેક લિન્ક મોકલી હતી ને એનાથી હેક થઈ ગયું હતું, એટલે હું ઓપન જ ન કરી શકું. મને થોડી ક્યુરિયોસિટી થઈ કે, આ કેવું? હું મારું જ ID કેમ ન ખોલી શકું? મને ખબર પડી કે હેક થયું છે, એટલે મેં ઈન્ટરનેટ પર બધું સર્ચ કરવાનું શરૂ કર્યું. વધારે ને વધારે રસ પડવા માંડ્યો ને રોજની 14-14 કલાક હું ઈન્ટરનેટ પર શીખવા માંડ્યો, થોડા ટાઈમમાં જ ઘણું હેકિંગ શીખી ગયો. પણ હું કોઈને કહેતો નહીં, મારી રીતે મજા લેતો. થોડા ટાઈમમાં 12 સાયન્સ પૂરું થયું ને EC એન્જિનિયરિંગ માટે નિરમા યુનિવર્સિટીમાં એડમિશન લીધું.' પણ તમને તો હેકિંગમાં રસ હતો ને? સન્નીભાઈ કહે, 'હા મારે તો એ જ કરવું હતું પણ મારા ફેમિલીમાં મોટા ભાગના બધા EC (ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન્સ)માં એટલે મને પણ પરાણે EC લેવડાવ્યું. પણ મેં મનમાં નક્કી કે મારે હેકિંગ જ કરવું છે. એમાં થોડા ટાઈમમાં કોલેજમાં સેમિનાર આવ્યો, એટલે મેં ટૉપિક પસંદ કર્યો 'હેકિંગ'. નામ લખાવ્યું એટલે બધાએ ટોક્યો પણ ખરો કે, 'અલ્યા, તું ECનો સ્ટુડન્ટ ને હેકિંગ પર સેમિનાર કઈ રીતે લઈશ?' હું મનમાં હસતો કે, બધાને બતાવી દઈશ. હેકિંગનો સેમિનાર સક્સેસ કેવી રીતે થાય? જો તમને સામે બેઠેલાઓનું કોઈ ID હેક કરી બતાવો, રાઈટ? બસ, મેં એ જ રસ્તો સિલેક્ટ કર્યો.' સન્નીભાઈએ વાત ચાલુ રાખી, 'હેક કરવા માટે પહેલા મારી પાસે એ દરેકનાં ID પણ હોવા જોઈએ, જો ID મળી જાય તો મારી સાથે જે ફિશિંગ (સાયબર ફ્રોડનો જૂનો ને જાણીતો પ્રકાર) થયું હતું, એ હું બધા સાથે કરી શકું. એટલે મેં એક ગ્રુપ બનાવ્યું ને એમાં બધાને એડ કરી થોડા ટાઈમમાં ગ્રુપ એક્ટિવ થઈ ગયું ને બધા એકબીજા સાથે વાતો કરતાં થઈ ગયા. ગ્રુપ ધમધમતું થયું એટલે મેં એક ઈમેલ મોકલ્યો કે, યાહૂમાં જો તમારે કોઈનો પાસવર્ડ જાણવો હોય તો આ લિન્ક પર ક્લિક કરી તમે જાણી શકો છો. હોંશિયાર મિત્રોએ લિન્ક પર ક્લિક કરી પહેલાં જ પોતાનો પાસવર્ડ આપી લૉગિન કર્યું ને પછી અંદર જઈ બધાનાં નામ લખવાનું શરૂ કર્યું. 140ના ગ્રુપમાંથી 40 લોકોએ પોતાના ઈમેલ આઈડી મને આપી દીધા, કેમ કે દરેકને બીજાનું જાણવું હતું. કોઈને કોઈ છોકરીનું તો કોઈને કોઈ મિત્રનું.

# માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સાવધાની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, માનસ સાવધાન અંતર્ગત આપણે ઘણી વાતો કરી. પરંતુ માનસમાં ત્રણ સ્ત્રી પાત્ર પસંદ કરીને, સાવધાનની મુખ્ય ભૂમિકા બની છે. પહેલા ભવાની કે જેને શિવ બુદ્ધિથી સાવધાન થઈને સાંભળવા કહે છે. બીજા સુનયનાજી જેને રાજા જનક સાવધાન કરી ભરત ચરિત્ર સંભળાવે છે. ત્રીજા શબરી જેને ભગવાન ખુદ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે સાવધાન થઈ મનમાં ધારણ કરવા જણાવે છે. ભૂશંડીજી ગરુડને સાવધાન કરે છે, આમ માનસમાં શિવજીના મુખે સાવધાન શબ્દનો પ્રયોગ કરી, તુલસીદાસજી આપણને સૌને સાવધાન કરી રહ્યાં છે. પ્રયાગમાં ભરદ્વાજ સાથેની વાતચીતમાં ભરતજીએ કહ્યું કે મારી માએ મને કલંક લગાડ્યું, રામને વનવાસ આપ્યો અને મમતાને કારણે મને રાજગાદી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ ભરદ્વાજ કહે છે કે, આપનો યશચંદ્ર આપની કીર્તિચંદ્ર અદભુત છે, અને મને આમાં ક્યાંય કલંક દેખાતું નથી. તમે જેને કલંક કહો છો, એ અમારા જેવા માટે તો ભક્તિ રસાયણ બની ગયું. સાધુની અપ કીર્તિ પણ સાવધાની પૂર્વક સાંભળવામાં આવે, તો આપણા માટે ભક્તિ રસાયણ બની જાય છે, આવું ભરદ્વાજ ઋષિએ કહ્યું એ બહુ અદભુત સૂત્ર છે.

મારા શ્રોતા ભાઈ બહેનો કથા આપણને શું શીખવે છે! કલંકથી બચવું કંઈ રીતે! રામકથામાં કોને કલંક નથી લાગ્યુ? ભગવાન રામને પણ કલંક લાગ્યું દુનિયાએ પણ આંગળી ચીંધી કે રામે વૃક્ષની પાછળ છુપાઈને વાલીને માર્યો! એક ધોબીએ મા જાનકીને કલંકનું ધાબુ લગાવી દીધું. કૈકેયીને તો કલંક લાગ્યું જ છે! બ્રહ્માને પણ એક કલંક લાગ્યું કે, પોતાની જ રચના પાછળ ઘેલા થયાં, પરંતુ માનસ ભરત એક એવો ચંદ્ર છે, જેમાં કોઈ કલંક નથી. શ્રવણ એક વિજ્ઞાન છે, એક સાયન્સ છે, સાંભળી તો શકાય છે, પણ શ્રવણ નથી થઈ શકતું! એટલા માટે સાવધાની પૂર્વક કથા સાંભળવાની વાત કહી છે. ચંદ્રમાં કલંક શા માટે છે? ચંદ્રના કલંકની બહુ જુદી જુદી વાતો કરવામાં આવે છે, પરંતુ ચંદ્રમાં કલંક, એટલે કે કાળા ધાબા જે લાગી ગયા છે, એનું એકમાત્ર મૂળ કારણ છે, કે એણે એના ગુરુની ધર્મપત્ની પર ખરાબ દ્રષ્ટિ કરી, ચંદ્રના ગુરુ મહારાજ ગૃહસ્પતિ એમની પાછળ એ દોડ્યો હતો. ચંદ્રને થોડી પ્રતિષ્ઠા મળી, પરંતુ એ પ્રકાશ પોતાનો નથી ઉધાર છે! છતાં એણે કુદ્રષ્ટિ કરવાની ભૂલ કરી. ભરતનો યશચંદ્ર ઊંચાઈ મળ્યા છતાં પણ કલંકથી મુક્ત છે.

નવ બિધું બિમલ તાત જસુ તોરા,
રઘુવર કિંકર કુમુદ ચકોરા.

ભરદ્વાજ ભરતને પૂર્ણ કલંક મુક્ત યશચંદ્ર અને કીર્તિચંદ્ર ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપે છે. ક્યારેક પુત્રને પણ આ રીતે તાત સંબોધન કરી શકાય. આમ પણ શ્રોતા વક્તાથી મોટા હોય છે એવું તુલસી લખે છે. શ્રોતા વક્તા જ્ઞાન નિધિ, એમાં એમણે શ્રોતાને પહેલા સ્થાન આપ્યું છે. ભારદ્વાજ ઋષિએ ભરતને બાપ કહ્યા છે, ભગવાન રામના કિંકર, ભગવાન રામના દાસરૂપી કુમુદને ચકોરની જેમ આપનો યશચંદ્ર હંમેશા સુખ આપનારો છે.



કથા વિરામ પહેલા કાર્તિકેયના ષડમુખની વાત કહેતાં જજો, એવું એક નિવેદન કરવામાં આવ્યું છે. કાર્તિકેયને પુરુષાર્થની ઉપમા આપવામાં આવી છે, અને મહાન પુરુષાર્થ હંમેશા ષડમુખી હોય છે.(૧) પુરુષાર્થ હંમેશા નિમિત બનીને કરવો. પરંતુ નિમિત બનીને ન કરવું, એટલે કે મારાથી આ નહીં થાય એવી નિરાશા કે હતાશા સાથે ન કરવું. (૨) સ્પર્ધાથી પુરુષાર્થ ન કરવો, લોકો કહે છે સ્પર્ધા વગર વિકાસ કેમ થાય? પણ અન્ય સાથે સ્પર્ધા નહીં ખુદ સાથે સ્પર્ધા કરો કે ગયા વખતે આટલો પુરુષાર્થ કર્યો હતો આ વખતે આનાથી બમણો કરીશ. આ વર્ષે આટલું ભજન કર્યું આવતા વખતે હજી વધુ ભજન કરીશ.( ૩) કાર્તિકેરૂપી પુરુષાર્થનું ત્રીજું મુખ કૌશલ્ય છે, એટલે કે કુશળ બની પુરુષાર્થ કરો. ગીતામાં પણ કહ્યું છે યોગઃ કર્મેષુ કૌશલમ. કોઈપણ કાર્યમાં કુશળતા હોય તો પરિણામ વધુ સારું આવે છે માટે કુશળ બની પુરુષાર્થ કરવો. (૪) કાર્તિકે રૂટી પુરષાતનું ચોથું મુખ પરમાર્થ છે! પુરુષાર્થ કરતી વખતે પરમાર્થનો વિચાર પણ કેન્દ્રવર્તી હોવો જોઈએ! કે હું જે કમાઈશ એમાંથી થોડો પરમાર્થ પણ કરીશ, અને એટલે જ હું કથાઓમાં 10% ની વાત કરતો હોઉં છું, કે આપણી કમાણીનો 10 મો ભાગ પરમાર્થ માટે કાઢવો. ખૂબ કમાઓ કમાશો નહીં તો, ભગવત કથાઓનું આયોજન કેમ થશે?: પરંતુ પુરુષાર્થ સાથે પરમાર્થ જરૂરી છે. મોટા મોટા આયોજનો થાય એટલું ન્હોય તો, આટલી મોટી માત્રામાં જરૂરત મંદો આપણી આસપાસ છે જ , કોઈની ફી ભરો, કોઈને પુસ્તક, આપો કોઈને એક બે ટંક જમવાનું આપો, કોઈને દવા અપાવો,જેટલું થાય એટલું. (૫ ) પુરુષાર્થનું પાંચમું મુખ સંતોષ છે! આપણને આપણા કર્મ રૂપી પુરુષાર્થથી સંતોષ હોવો જોઈએ કે બસ ટકાર આવી ગઈ આટલું ધન પર્યાપ્ત છે, આટલી પ્રવૃત્તિ પર્યાપ્ત છે! મારા પુરુષાર્થથી આખા વર્ષ દરમિયાન જેટલું ફળ સ્વરૂપ મળ્યું એનો મને સંતોષ છે! હકીકતમાં અસંતોષ જ આપણી અશાંતિનું કારણ છે. જેટલું મળ્યું એમાં સંતોષ માનવો એ જ મહત્વનું છે. કાર્તિકેય રુપી પુરુષાર્થનું છઠ્ઠું મુખ આત્મસુખ. આપણે જે ભોગવી રહ્યા છીએ એ સુખ નથી એ સાધન પ્રેરક સુવિધાઓ છે, એ ન હોય તો આપણું સુખ ગાયબ. સુખ સ્વરૂપ તો રઘુવંશી મણી છે! જોકે આપણે સૌ એનાં અંશ હોવાને નાતે સુખ સ્વરૂપ જ છીએ! પણ આપણું સુખ ઢંકાયેલું છે! કથા એને બેનકાબ કરે છે. કોઈ આપતું નોતું કથા પરદા હટાવી દે છે. કોઈ બુદ્ધ પુરુષ જાણે છે, કે આપણામાં શું પડ્યું છે! અને એને પ્રગટ કરી આપણી જોળી સુખથી ભરી દે છે. ગુરુ દીક્ષા નો અર્થ જ એ છે, આત્મ તત્વ પરથી પડદો હટાવી દેવો, કે ખોલી નાખવો, પણ આપણું સુખ આપણને મહેસુસ થવું જોઈએ! ન થાય તો એ આપણી ત્રૂટિ છે, બુદ્ધ પુરુષની નહીં.

માનસમાં આવતા સાવધાન શબ્દનો સંદર્ભની ચર્ચા કરી કથા અને વિરામ તરફ આગળ વધારી,

ભગવાન રામ પોતાની સેના સાથે લંકામાં સુબેલ પર્વતના શિખર પર વિશ્રામ કરે છે રાવણના દરબારમાં અંગત રાજ દુધ તરીકે જાય છે સંધિ વિફળ રહી અને સંઘર્ષ અનિવાર્ય બન્યો યુદ્ધ ઘોષિત થયું ભયંકર યુદ્ધને અંતે રામે રાવણની નાભિ માં બાણ માર્યું. રાવણના અંતિમ સંસ્કાર થયા વિભીષણને લંકાનું રાત તિલક થયું. સીતાનું અગ્નિમાં છુપાયેલું સ્વરૂપ પ્રગટ થયું, અને ભગવાન મિત્ર સાથે પુષ્પક વિમાનમાં ઉડાન ભરે છે. હનુમાનજી અયોધ્યા પહોંચી ભગવાનના આવવાની ખબર આપે છે. ભગવાનનો 14 વરસ પહેલા થનારો રાજ્યાભિષેક થયો, ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો.

# અમદાવાદમાં ટપાલ ગ્રાહકોની ફરિયાદોના નિરાકરણ માટે 'ડાક અદાલત'નું આયોજન



**અમદાવાદ, તા. 16**

ટપાલ સેવાઓનો ઉપયોગ કરતા ગ્રાહકોની ફરિયાદોને અસરકારક રીતે અને સમયસર નિવારવા માટે, અમદાવાદ શહેર વિભાગના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ દ્વારા એક મહત્વપૂર્ણ 'ડાક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલત તા. ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, શહેર વિભાગ, અમદાવાદ ૩૮૦૦૦૯ ની કચેરી ખાતે યોજાશે. ડિસેમ્બર મહિનાની આ ડાક અદાલતનો મુખ્ય ઉદ્દેશ્ય: ટપાલ સેવાના ગ્રાહકોને તેમની ફરિયાદો સીધા વિભાગીય વડા સમક્ષ રજૂ કરવાની તક પૂરી પાડવાનો છે. સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ (અમદાવાદ શહેર) દ્વારા દરેક ફરિયાદ વ્યક્તિગત રૂપે સાંભળવામાં આવશે અને સમસ્યાનો ઉકેલ સમયસીમાની અંદર જ લાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે.

ગ્રાહકો તેમની ફરિયાદો ટપાલ, મની ઓર્ડર અને સિગ્નેચર સેવિંગ્સ યોજનાઓ સંબંધિત બાબતો માટે કરી શકશે.ફરિયાદીઓએ પોતાની અરજીઓ સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ (અમદાવાદ શહેર), પહેલો માળ, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯ ને સંબોધીને મોકલવાની રહેશે. ફરિયાદો સ્વીકારવાની નિયત તારીખ ૨૪/૧૨/૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. આ તારીખ પછી મળેલ કોઈપણ ફરિયાદોને ડાક અદાલતમાં લેવામાં આવશે નહીં. ગ્રાહકો તેમની ફરિયાદો ટપાલ, મની ઓર્ડર અને સિગ્નેચર સેવિંગ્સ યોજનાઓ સંબંધિત બાબતો માટે કરી શકશે.ફરિયાદીઓએ પોતાની અરજીઓ સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ (અમદાવાદ શહેર), પહેલો માળ, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯ ને સંબોધીને મોકલવાની રહેશે. ફરિયાદો સ્વીકારવાની નિયત તારીખ ૨૪/૧૨/૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. આ તારીખ પછી મળેલ કોઈપણ ફરિયાદોને ડાક અદાલતમાં લેવામાં આવશે નહીં. ગ્રાહકોને વિનંતી કરવામાં આવી છે કે તેમની ફરિયાદ વિનયપૂર્વક, સ્પષ્ટ અને ટૂંકમાં રજૂ કરે. વધુમાં, ડાક અદાલત અંતર્ગત માત્ર અમદાવાદ શહેરની પોસ્ટ ઓફિસ સંબંધિત ફરિયાદો જ ધ્યાને લેવાશે. નીતિ વિષયક બાબતોની ફરિયાદો આ અદાલતમાં ધ્યાને લેવાશે નહીં.

# કોઈપણ કામ પોતાની કાયા ના કલ્યાણ માટે કરવું દેખાડવા માટે નહિ પછી ભલે એ દાન હોય કે ભક્તિ



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

માનવ મન જ્યારે પ્રવૃત્તિ વગર એકદમ આઝાદ ભટકે ત્યારે કંઈક અનર્થ કરે તેવું આપણે સૌ જાણીએ છીએ ત્યારે સારું ચિંતન મનન કરી મનને સદા કાર્યવિંત પ્રફુલ્લીત રાખવા આ નાનકડો પ્રયાસ કરીએ છીએ તો આજે એક વાતથી લેખની શરૂઆત કરીએ એક પતિ-પત્ની પોતાના નાના બાળક સાથે ધર્મશાળામાં રહેતા હતા. ધર્મશાળા માટીની બનેલી હતી. દિવાલોમાં તિરાડો હતી,અને આસપાસનો વિસ્તાર ખુલ્લા જંગલ જેવો લાગતો હતો. તેઓ પોતાના નાના બાળકને આંગણા માં છોડીને કોઈ કામ કરવા નીકળ્યા. પાછા ફરતા, તેમણે બાળકની સામે એક મોટો સાપ ગૂંથાયેલો જોયો,જેનો ડંડો ફેલાયેલો હતો.આ ભયાનક દ્રશ્ય જોઈને બંને સ્તબ્ધ થઈ ગયા. દીકરો સાપના ડંડો પર મુઠ્ઠીભર માટી ફેંકી રહ્યો હતો, અને સાપ દરેક વખતે ડંડો ફેંકી રહ્યો હતો. માતા ચીસો પાડી,અને પિતા બૂમ પાડી, 'બચાવો..બચાવો. આપણા પ્રિય દીકરાને બચાવો!'ભીડ એકઠી થઈ ગઈ.તેમની વચ્ચે એક નિશાનબાજ,ઊંટગાડી ચલાવનાર હતો. તેણે કહ્યું,'હું સાપને ગોળી મારીને મારી નાખીશ પણ જો હું ચૂકી ગયો અને બાળક ઘાયલ થઈ ગયું, તો હું જવાબદાર નથી. જો તમે પૂછો, તો હું પ્રયત્ન કરીશ.'

દીકરાની સામે એક ઝેરી સાપ બેઠો હતો!આવી પરિસ્થિતિનો ઈનકાર કયો માતા-પિતા કરશે? તે સંમત થયો, અને માતાએ બૂમ પાડી,'ભાઈ!સાપને મારવાનો પ્રયાસ કરો.જો બાળક ભૂલથી ઘાયલ થઈ જાય, તો અમે કંઈ કહીશું નહીં.'

ઊંટ ચાલકે નિશાન સાધ્યું. સાપ ઘાયલ થઈને નીચે પડી ગયો.તે ત્યાં બેભાન હાલતમાં પડ્યો હતો લોકોને લાગ્યું કે સાપ મરી ગયો છે.તેઓએ તેને ઉપાડીને વાડમાં ફેંકી દીધો.રાત પડી ગઈ. ઊંટ ચલાવનાર એ જ ધર્મશાળા માં તેની ઊંટ ગાડી પર સૂઈ ગયો. તે રાત્રે ઠંડી પવન ફૂંકાયો.

બેભાન સાપ ભાનમાં આવ્યો, આવીને ઊંટ ચલાવનારના પગને કરડ્યો અને ચાલ્યો ગયો. સવારે, જ્યારે લોકોએ જોયું, ત્યારે ઊંટ ચલાવનાર મરી ગયો હતો.

સંયોગથી, સર્પશાસ્ત્ર જાણતો એક માણસ ત્યાં રહેતો હતો. તેણે કહ્યું:'હું અહીં સાપને બોલાવીને તેનું ઝેર ચૂસવાની કળા જાણું છું. જો અહીં કોઈ માસૂમ આઠથી દસ વર્ષનો બાળક હોય, તો હું સાપના સૂક્ષ્મ શરીરને તેના મનમાં બોલાવી શકું છું અને તેને વાત કરાવું છું.'

ગામમાંથી આઠથી દસ વર્ષના બાળકને લાવવામાં આવ્યો. તેણે બાળકમાં રહેલી સાપની ભાવના ને બોલાવી. તેને પૂછવામાં આવ્યું, 'શું તેં આ ઊંટ માલિકને કરડ્યો? 'બાળકની અંદરની આત્માએ જવાબ આપ્યો,'હા.'પછી તેને પૂછવામાં આવ્યું, 'તેં આ ગરીબ ઊંટ માલિકને કેમ કરડ્યો?'સાપે બાળક દ્વારા બોલવાનું શરૂ કર્યું: 'હું નિર્દોષ હતો. મેં તેની સાથે કંઈ કર્યું નથી.તેણે મને નિશાનબનાવ્યું છે,તો હું બદલો કેમ ન લઉં?'તે બાળક તમારા પર કાદવ ફેંકી રહ્યો હતો,પણ તમે તેનીસાથે કંઈ કર્યું નહીં!'બાળકના



રૂપમાં સાપે કહ્યું, 'બાળક ત્રણ જન્મોથી મારો લેણદાર છે.ત્રણ જન્મો પહેલા,હું પણ.તે એક માણસ હતો,અને તે પણ એક માણસ હતો.મેં તેની પાસેથી ત્રણસો રૂપિયા ઉછીના લીધા હતા પણ તે ચૂકવી શક્યો નહીં.મારી પાસે હમણાં તે કરવાની ક્ષમતા પણ નથી.મારે આવા કદરૂપા જન્મોમાં થી ભટકવું પડેછે.આજે, આકસ્મિક રીતે,તે મારી સામે દેખાયો,અને હું મારા વાળ નમાવી ને તેને ભીખ માંગી રહી હતી.તેનો આત્મા જાગી ગયો,અને તે મને ઠપકો આપી રહ્યો હતો,મારા પર મુઠ્ઠી ભર ધૂળ ફેંકી રહ્યો હતો, કહેતો હતો,'ધિક્કાર!તું દેવું ચૂકવી શક્યો નહીં...'તેની ઠપકો સહન કરીને, હું મારું દેવું ચૂકવી રહ્યો હતો.તે ઊંટ માલિક કોણ હતો જેણે આપણા વ્યવહારોમાં દખલ કરી?મેં તેને કોઈ નુકસાન પહોંચાડ્યું ન હતું,છતાં તેણે મને નિશાન બનાવ્યું. મેં બદલો લીધો. 'સાપ નિષ્ણાતે સાપને સમજાવ્યું, 'જો હું તારી વાત માનું,તો તારે પણ મારું માનવું જોઈએ.હું દુશ્મનાવટ સહન કરવા માટે જન્મ્યો છું.બીજું કંઈ નહીં,જો આ ઊંટ માલિક મને પાંચસો રૂપિયા આપે,તો હું હમણાં જ તેનું ઝેર ચૂસી લઈશ.

ત્રણ જન્મો પહેલા,મેં તે બાળક પાસેથી ત્રણસો રૂપિયા ઉધાર લીધા હતા.બે જન્મ થયા છે, અને મારે પાંચસો રૂપિયા પાછા આપવા પડશે,જેમાં બસો રૂપિયા વ્યાજ પણ સામેલ છે.'કોઈ સજ્જને બાળકના માતા પિતાને પાંચસો રૂપિયા આપ્યા. સાપનો આત્મા તેના શરીરમાં પાછો ગયો, ત્યાંથી રડતો ગયો અને મૃત ઊંટ ના માલિક પાસે આવ્યો અને ઝેર ચૂસી લીધું. ઊંટવાળો ફરી જીવંત થયો.આજે શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો હું પ્રતિગૃહ ણામિ સ્વીકારું છું એવું નહીંબોલું રામજી સમજાવે છે કે,લક્ષ્મણ બોલવું પડે કહે છે કે,તમે બીજું કહો તે કરવા તૈયાર છું.પણ દાન તરીકે કન્યા નહીં સ્વીકારું.છેવટે વિશ્વામિત્ર સમજાવે છે કે,આ શબ્દ બોલ્યા વગર લગ્ન પાકું ન કહેવાય.તે પછી લક્ષ્મણજી બોલ્યા કે,હું સ્વીકાર કરું છું.લગ્ન પછી સીતા-રામજી જમવા બેસે છે. ભોજનમાં જરા વિનોદ હોય તો વધારે જમાય છે.જનકપુરીની સ્ત્રી વિનોદ કરે છે કે,દશરથજીને છોકરા ક્યાં હતાં?રાણીઓએ ખીર ખાધી ત્યારે છોકરા થયા.

લક્ષ્મણજીથી આ વિનોદ જરા પણ સહન થયો નહીં. તે બોલી પડ્યા કે,અયોધ્યામાં ખીર ખાવા થી છોકરાં થાય છે પણ જનક પુરીમાં ધરતીમાંથી કન્યાઓ નીકળે છે.એકીબેકીની રમત રમાય છે.તન બે,પણ મન એક એનું નામ લગ્ન.લગ્ન પછી પણ પતિ-પત્ની બે નહીં,એક જ છે. ગૃહાસ્થાશ્રમ અદ્વૈતસિદ્ધ કરવાનું પહેલું પગથિયું છે.સીતાજીપૂછેછે બોલોએકી કે બેકી?રામજી કહેછે એકી.સખી ઓ હસે છે.કહે છે કે, આજ સુધી એકલા હતા પણહવે તો બેકી થયા તોય કહે છેકેએકી!

લક્ષ્મણજી કહે,મોટાભાઈએ કહ્યું તે બરાબર છે.લગ્ન થયાં પછી પતિ પત્ની એક જ છે. તેથી બેકી હોવા છતાં એકી છે.સીતા અને રામ એક જ છે. સીતા રામ એ બે નથી.સીતારામ અભિન્ન છે.રામ- સીતાનું લગ્ન થયું.રંગ મહોત્સવ થયા પછી ત્યાંથી અયોધ્યા આવવા પ્રયાણ કર્યું.

સીતાજી સાક્ષાત્ મહાલક્ષ્મી જનકપુરી છોડીને જાય છે. વિદાય વખતે માતાજીએ ચોખા થી ખોળો ભર્યો છે અને ચોખા વેર્યા છે.આજે પણ મિથિલામાં ચોખા ખૂબ ઉત્પન્ન થાય છે.

વિશ્વામિત્રનું ખૂબ સન્માન કર્યું. ઘરે આવ્યા પછી દશરથ રાજાએ રાણીઓ સમક્ષ જનક રાજાના ખૂબ વખાણ કર્યાં. કન્યાનાં માતા પિતાનાં વખાણ કરશો તો કન્યા રાજી થશે. સીતાજી તે સાંભળે છે ગૃહસ્થાશ્રમને સુખી કરવાનીએ ચાવી છે.દશરથ કહે,આ પારકી કન્યા આપણા ઘરે આવી છે.તેનું રક્ષણ પાંપણો જેમ આંખનું રક્ષણ કરે તેમ કરજો.

આનંદના દિવસો જતાં સમય લાગતો નથી.હવે રામચંદ્રજી ૨૭ વર્ષના અને જાનકીજી ૧૮ વર્ષનાં થયાં છે. એક દિવસ દશરથજીએ દર્પણમાં જોયું તો મુગટ વાંકોહતો વિશેષ જોયું તો કાનના વાળ પણ ધોળા થયા હતા.કાનના વાળ ધોળા દેખાય ત્યારે માનવું કે અતિ વૃદ્ધાવસ્થા આવી છે.દશરથે વિચાર્યું કે,મને ધોળા વાળ બોધ આપે છે કે, તમે અતિ વૃદ્ધ થયા. હવે રામને ગાદી ઉપર બેસાડો. દશરથ કહે,સીતારામનો રાજ્યાભિષેક થાય અને મારી આંખે હું નિહાળું. આ એક જ ઈચ્છા બાકી છે.દશરથનું રાજ્ય પ્રજા તંત્ર રાજ્ય છે દશરથ મંત્રી અને પ્રજાજનોની સંમતિ સિવાય રામજીને ગાદી ઉપર બેસાડી શકે નહીં.દશરથ રાજાએ મહાજન અને મંત્રીને બોલાવ્યા અને તેમની આગળ રજૂઆત કરી કે,તમારી સર્વની ઈચ્છા હોય, તો આવતી કાલે રામજીનો રાજ્યાભિષેક કરું

સુમંત મંત્રી બોલ્યા,અમારી પણ એ જ ઈચ્છા છે.તે વખતે વસિષ્ઠજી રાજદરબારમાં આવ્યા.બધાએ ઊભા થઈ માન આપ્યું.નારદજીએ વસિષ્ઠજીને પ્રણામ કરી કહ્યું, પ્રજાની ઈચ્છા એવી છેકે રામચંદ્રજીનો રાજ્યાભિષેક થાય.આપ આજ્ઞા આપો. વાચક ચાહક મિત્રો લેખની શરૂઆતની વાત સ્પષ્ટપણે દર્શાવે છે કે વ્યક્તિએ એટલા બધા પૈસા બગાડવા જોઈએ નહીં કે દેવાના બોજ હેઠળ મૃત્યુ પામે,અને તેને ચૂકવવા માટે,વ્યક્તિએ પોતાનું માથું નમાવવું પડે છે અને ધૂળનો માર સહન કરવો પડે છે.જ્યાં સુધી વ્યક્તિ આત્મ-સાક્ષાત્કાર પ્રાપ્ત ન કરે,ત્યાં સુધી વ્યક્તિએ પોતાના કર્મોનું ઋણ ચૂકવવું પડે છે. તેથી,નિઃસ્વાર્થ કાર્યો કરીને ભગવાનને સંતુષ્ટ કરો.તમારા આત્મા અને પરમાત્માનો અનુભવ કરો અને આ જ જીવનમાં, અહીં જ,ઝડપથી મુક્તિ પ્રાપ્ત કરો.આજે આપણે અહીં અટકી એ અસ્તુ.

# માનનીય ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોરે કલોલ સ્ટેશન પર ચાર ટ્રેનોના સ્ટોપેજનું શુભારંભ કર્યું

**અમદાવાદ, તા. 16**

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ના માર્ગદર્શન હેઠળ માનનીય ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોરે 16 ડિસેમ્બર, 2025 ના રોજ કલોલ સ્ટેશન પર વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ, દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ, જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ અને મુઝફ્ફરપુર-સબરમતી જનસાધારણ એક્સપ્રેસ ના સ્ટોપેજનું શુભારંભ કર્યું

આ પ્રસંગે માનનીય ધારાસભ્ય કલોલ શ્રી લક્ષ્મણજી ઠાકોરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કલોલ રેલ્વે સ્ટેશન પર

1. 20959/60 વલસાડ-વડનગર-વલસાડ ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ, જે કલોલને વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ અને વડનગર જેવા મહત્વના શહેરો સાથે જોડે છે.

2. 16507/08 જોધપુર-બેંગલુરુ-જોધપુર એક્સપ્રેસ, જે કલોલને રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતની રાજધાની બેંગલુરુ સાથે જોડે છે.

3. 15269/70 મુઝફ્ફરપુર-સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ, જે કલોલને બિહાર સહિત ઉત્તર ભારતના વિવિધ ક્ષેત્ર સાથે જોડે છે અને સામાન્ય મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી છે.

4. 12215/16 દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ, જે કલોલને દેશની રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈ સાથે સીધી જોડે છે.

આ તમામ ટ્રેનોના સ્ટોપેજથી કલોલ તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને સીધી, સુલભ અને સમય બચાવતી મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે. GIDC છત્રાલમાં કાર્યરત શ્રમિકોને પણ સીધી કનેક્ટિવિટી મળશે અને તેમને ટ્રેન પકડવા માટે મહેસાણા અને અમદાવાદ જવું નહીં પડે. ઉપરાંત વિદ્યાર્થીઓ, નોકરીપેશા વર્ગ, વેપારીઓ, ખેડૂતો તથા સ્થાનિક શ્રમિકોને અન્ય મોટા સ્ટેશનો પર નિર્ભર રહેવું નહીં પડે, જેના કારણે મુસાફરીમાં થતો સમય, શ્રમ અને આર્થિક ખર્ચ–ત્રણેમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ સાથે વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય સેવાઓ તથા પર્યટનને પણ નવી ગતિ મળશે।

કલોલ રેલવે સ્ટેશનનું અંદાજે રૂ. 44.22 કરોડના ખર્ચે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ યોજના હેઠળ કલોલ સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓથી સજ્જ, સુરક્ષિત અને ભવિષ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહ્યું છે।

કલોલ સ્ટેશન પર 40 ફૂટ પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ કાર્ય પણ પ્રગતિ પર છે, જે સ્ટેશનના તમામ પ્લેટફોર્મોને જોડીને શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને ભાગોને પરસ્પર જોડવાનું કામ કરશે, જેથી મુસાફરોને સુરક્ષિત અને સુગમ આવાગમનની સુવિધા મળશે. સાથે સાથે, સ્ટેશનના પૂર્વી છેડે દ્વિતીય પ્રવેશ (સેકન્ડ એન્ટ્રી) ભવનનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે કલોલના પૂર્વી વિસ્તારના નાગરિકોને ટિકિટ બુકિંગ, પ્રતીક્ષાલય તથા અન્ય મુસાફર સુવિધાઓનો સીધો લાભ મળશે।

હાલમાં કલોલ સ્ટેશન પરથી પ્રતિદિન આશરે 2,000 મુસાફરો આવાગમન કરે છે અને 24 ટ્રેનો અહીં નિયમિત રીતે રોકાય છે. આ ચાર જોડી ટ્રેનોના સ્ટોપેજ સાથે કુલ 32 ટ્રેનો કલોલ સ્ટેશન પર રોકાશે।

આ ચાર ટ્રેનોના કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય નીચે મુજબ રહેશે:

1. ટ્રેન નં. 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નં. 20959 વલસાડ-વડનગર એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 11.37 કલાકે આગમન અને 11.39 કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. 20960 વડનગર-વલસાડ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 18.15 કલાકે આગમન અને 18.17 કલાકે પ્રસ્થાન કરશે.

2. ટ્રેન નં. 12215/12216 દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

ટ્રેન નં. 12215 દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 22.41 કલાકે આગમન અને 22.43 કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. 12216 બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 20.11 કલાકે આગમન અને 20.13 કલાકે પ્રસ્થાન કરશે.

3. ટ્રેન નં. 16507/16508 જોધપુર-કેએસઆર બેંગલુરુ દ્વિસાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નં. 16507 જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ 18 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 12.55 કલાકે આગમન અને 12.57 કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. 16508 કેએસઆર બેંગલુરુ-જોધપુર એક્સપ્રેસ 17 ડિસેમ્બર 2025થી કલોલ સ્ટેશન પર 06.19 કલાકે આગમન અને 06.21 કલાકે પ્રસ્થાન કરશે.

4. ટ્રેન નં. 15269/15270 મુઝફ્ફરપુર-સાબરમતી સાપ્તાહિક જનસાધારણ એક્સપ્રેસ

## ખેડૂતોને રાઈના ઊભા પાકમાં સંકલિત જીવાત નિયંત્રણ-વ્યવસ્થાપન માટે લેવાના પગલાં અંગે માર્ગદર્શિકા જાહેર કરાઇ

**નડિયાદ, તા. 16**

રાજ્ય સરકાર પાકમાં રોગ-જીવાતથી થતા નુકશાનને અટકાવવા હરહંમેશ ખેડૂતોની પડખે રહી છે. જે અંતર્ગત ખેડૂતોને રાઈના ઊભા પાકમાં સંકલિત જીવાતોના નિયંત્રણ-વ્યવસ્થાપન માટે વાવણી બાદ લેવાના પગલાં અંગે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત રાઈના ઊભા પાકમાં મોલો તેમજ લીલી ઈયળની શરૂઆત થાય તો લીમડાની લીંબોળીની મીંજમાંથી તૈયાર કરેલ ૫ ટકા અર્ક અથવા લીમડાના તેલ આધારિત તૈયાર દવા ૪૦ મિ.લી. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. આ ઉપરાંત મોલો તેમજ રંગીન ચૂસિયાનો ઉપદ્રવ વધારે હોય ત્યારે ઈમીડાકલોપ્રીડ ૭૦ ડબલ્યુજી ૨ ગ્રામ અથવા થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો જોઈએ. રાઈની માખીના નિયંત્રણ માટે કવીનાલફોસ ૦.૦૫ ટકા પ્રમાણે ૨૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો અથવા કવીનાલફોસ ૧.૫ ટકા પાવડર હેક્ટરે ૨૦થી ૨૫ કિલો ગ્રામ મુજબ છંટકાવ કરવો જોઈએ. આ દવાઓના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર ખેડૂતોએ તેમના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવો.

## કપડવંજ તાલુકાના જગડુપુર ગામે ખેડૂતો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું



**નડિયાદ, તા. 16**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ ખેડા જિલ્લા દ્વારા ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના જગડુપુર ગામે તારીખ ૧૧.૧૨.૨૦૨૫ ના રોજ ખેડૂતો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. તાલીમ દરમિયાન ખેડૂતોને નીચે મુજબના અગત્યના મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિની પાયાની માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો અને તેના મહત્વ વિશે સમજણ આપવામાં આવી હતી. ચાલુ રવિ સિઝનના પાકોમાં પ્રાકૃતિક કૃષિની પદ્ધતિઓ અને શ્રેષ્ઠ પ્રયોગો અંગે માહિતી આપવામાં આવી. જીવામૃત અને ધનજીવામૃતની બનાવટ વિશે પ્રેક્ટીકલ માહિતી પુરી પાડી હતી. ખેતી માટે અત્યંત ઉપયોગી એવા જીવામૃત અને ધનજીવામૃત બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયાનો લાઈવ ડેમો કરીને ખેડૂતોને પ્રત્યક્ષ રીતે સમજાવવામાં આવ્યું હતું. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભૂમિકાબેન પટેલ,આત્મા કપડવંજ બ્લોક ટેક્નોલોજી મેનેજર કિરણસિંહ ઝાલા આ બંને અધિકારીશ્રીઓએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપી તેને અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા.આ તાલીમ કાર્યક્રમ સફળ રહ્યો હતો અને મોટી સંખ્યામાં ખેડૂત ભા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જે પ્રાકૃતિક ખેતી તરફના તેમના વધતા રસને દર્શાવે છે.

## ઝાલોદમાં સનાતન સંસ્કૃતિનો મહાન મહોત્સવ, આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધાને લઈ સોમનાથ મહાદેવ મંદિરે યોજાઈ મહત્ત્વપૂર્ણ બેઠક



**ઝાલોદ , તા. 16**

ઝાલોદ નગરમાં સનાતન હિન્દુ ધર્મની ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે યોજાનાર ભવ્યાતિભવ્ય આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધા અંતર્ગત તા. 15-12-2025 ના રોજ રાત્રિના 8 વાગે ઝાલોદના પવિત્ર સોમનાથ મહાદેવ મંદિર ખાતે આયોજનની સમીક્ષા તથા આગામી કાર્યક્રમોની રૂપરેખા ઘડવા માટે એક મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી.આ બેઠકમાં સનાતન હિન્દુ ધર્મ સાથે સંકળાયેલા કાર્યકરો, આયોજક મંડળના સભ્યો તેમજ ભાવિક ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઝાલોદ નગર અને આજુબાજુના વિસ્તારોમાં હિન્દુ ધર્મ પ્રત્યે વધુ જાગૃતિ ફેલાય તે હેતુથી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે. વણકતળાઈ સુંદરકાંડ મંડળ અને મીઠાચોક હનુમાન ચાલીસા ગ્રુપના સંયુક્ત આયોજન હેઠળ યોજાનાર આ આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધામાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી મોટી સંખ્યામાં સનાતન હિન્દુ ધર્મપ્રેમી ભાવિક ભક્તો ઉપસ્થિત રહેવાના છે. આયોજકો દ્વારા અંદાજે પાંચ હજારથી વધુ ભક્તો બેસી શકે તેવી વિશાળ અને સુવ્યવસ્થિત વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

## ચાકલીયા પોલીસની સરાહનીય કામગીરી: ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**ઝાલોદ, તા. 16**

વિદેશી દારૂનો લાખો રૂપિયાનો જથ્થો ઝડપાયો, ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ, ચાકલીયા પોલીસ સ્ટેશનની સતર્ક અને અસરકારક કામગીરીના પરિણામે ગેરકાયદે સ્ક્રેપ વેપાર કરતા ઈસમ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પ્રતિબંધિત વિસ્તારમાં વિદેશી દારૂનો બિનઅધિકૃત રીતે ખરીદી અને સંગ્રહ કરી રાખવામાં આવ્યો હોવાની ચોક્કસ માહિતીના આધારે પોલીસે ઝડપી કાર્યવાહી કરી ગુનો નોંધ્યો છે.

**પોલીસની ચોકસાઈથી ખુલાસો**

ચાકલીયા પોલીસ સ્ટેશનના એ.પી.આઈ. શ્રી શૈલેશભાઈ લક્ષ્મીભાઈ પોલીસ ટીમે તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૧૦:૨૫ કલાકે મોજે ચાકલીયા ગામે ફળીયામાં રોડ ઉપર ચેકિંગ દરમિયાન શંકાસ્પદ વાહનની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન





ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો.

**લાખો રૂપિયાનું સ્ક્રેપ જપ્ત**

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે ટ્રકમાંથી મળેલ વિદેશી દારૂનો જથ્થો (૪૮૫ કિલો) અને અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૭,૩૯,૬૮૦.૩૦/- જેટલી કિંમતનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. આ વિદેશી દારૂનો ગેરકાયદે રીતે ખરીદી અને સંગ્રહ કરવામાં આવ્યો હોવાનું પોલીસ તપાસમાં સ્પષ્ટ થયું છે.

**કાયદાની પકડમાં આવ્યો આરોપી**

આ મામલે સ્ક્રેપ ડીલર તરીકે કાર્ય કરતા આરોપી વિરુદ્ધ ચાડલીયા પોલીસ સ્ટેશન ખાતે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી દ્વારા પ્રતિબંધિત વિસ્તારમાં ગેરકાયદે સ્ક્રેપ વેપાર કરવામાં આવતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

**અ ધિ કા રી ઓ ની આગેવાનીમાં કાર્યવાહી**

આ સમગ્ર કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી. પરમાર તથા પી.એસ.આઈ. શ્રીમતી સ્મિતાબેન મંગાભાઈના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. ચાકલીયા પોલીસની સતર્કતા અને સમયસરની કાર્યવાહીથી ગેરકાયદે પ્રવૃત્તિ પર અસરકારક રોક લગાવવામાં આવી છે.

**પોલીસનો સ્પષ્ટ સંદેશ**

ચાકલીયા પોલીસ દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ગેરકાયદે સ્ક્રેપ વેપાર, પ્રતિબંધિત સામગ્રીના સંગ્રહ અને કાયદા વિરુદ્ધની કોઈપણ પ્રવૃત્તિ સામે ભવિષ્યમાં પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

**વન અને પર્યાવણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં બોપલની ધ ન્યૂ તુલીપ ઇન્ટરનેશલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણી કરાઇ**

# પ્રકૃતિ પાસેથી આપણે સઘળું લઇએ છીએ, પણ તેને આપતાં પણ શીખવું પડશે: વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

## 'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું

**ગાંધીનગર, તા. 16**

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં અમદાવાદના બોપલની ધ ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપાના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ‘એક પેડ મા કે નામ’ પહેલ અંતર્ગત મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધનને નાગરિક ધર્મ અંતર્ગત પ્રથમ ફરજ ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે પ્રકૃતિ પાસેથી આપણે સઘળુ લઈએ છીએ તો તેને આપતા પણ શીખવું પડશે. જે અંતર્ગત આજના કાર્યક્રમમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા બંનેને મહત્ત્વ અપાયું છે. આ પ્રકારના કાર્યક્રમો નાગરિકોને પ્રેરણા આપે છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આજના પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણ જાગૃતિના અભાવે આપણે પૃથ્વીના અસ્તિત્વ સામે જોખમ ઊભું કરી રહ્યા છીએ. રોજેરોજ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઇ) બાબતે આવતાં સમાચારોમાંથી શીખ લેવા જણાવ્યું હતું અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બૅંક ઓફ ઈન્ડિયા દ્વારા ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત ‘એક પેડ મા કે નામ’ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, બૅંક કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ પ્રસંગે બૅંક દ્વારા બોપલ-આંબલી વૃદ્ધાશ્રમને સહાય આપવામાં આવી હતી તેમજ સ્વચ્છતા અભિયાન અને વોકેથોન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. જેમાં ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ બૅંકના ઝોનલ હેડ એસ.કે. સરકાર, અમદાવાદના રિજનલ હેડ ગૌરવ કુમાર જૈન, ધ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલના યોગેશ શ્રીધર અને તેજસ શ્રીધર તેમજ શાળા તેમજ બૅંક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં અમદાવાદના બોપલની ધ ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપાના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ‘એક પેડ મા કે નામ’ પહેલ અંતર્ગત મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધનને નાગરિક ધર્મ અંતર્ગત પ્રથમ ફરજ ગણાવી



હતી. તેમણે ઉમેર્યું કે પ્રકૃતિ પાસેથી આપણે સઘળુ લઈએ છીએ તો તેને આપતા પણ શીખવું પડશે. જે અંતર્ગત આજના કાર્યક્રમમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા બંનેને મહત્ત્વ અપાયું છે. આ પ્રકારના કાર્યક્રમો નાગરિકોને પ્રેરણા આપે છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આજના પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણ જાગૃતિના અભાવે આપણે પૃથ્વીના અસ્તિત્વ સામે જોખમ ઊભું કરી રહ્યા છીએ. રોજેરોજ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઇ) બાબતે આવતાં સમાચારોમાંથી શીખ લેવા જણાવ્યું હતું અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બૅંક ઓફ ઈન્ડિયા દ્વારા ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત ‘એક પેડ મા કે નામ’ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, બૅંક કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ પ્રસંગે બૅંક દ્વારા બોપલ-આંબલી વૃદ્ધાશ્રમને સહાય આપવામાં આવી હતી તેમજ સ્વચ્છતા અભિયાન અને વોકેથોન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. જેમાં ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ બૅંકના ઝોનલ હેડ એસ.કે. સરકાર, અમદાવાદના રિજનલ હેડ ગૌરવ કુમાર જૈન, ધ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલના યોગેશ શ્રીધર અને તેજસ શ્રીધર તેમજ શાળા તેમજ બૅંક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં અમદાવાદના બોપલની ધ ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપાના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ‘એક પેડ મા કે નામ’ પહેલ અંતર્ગત મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધનને નાગરિક ધર્મ અંતર્ગત પ્રથમ ફરજ ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે પ્રકૃતિ પાસેથી આપણે સઘળુ લઈએ છીએ તો તેને આપતા પણ શીખવું પડશે. જે અંતર્ગત આજના કાર્યક્રમમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા બંનેને મહત્ત્વ અપાયું છે. આ પ્રકારના કાર્યક્રમો નાગરિકોને પ્રેરણા આપે છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આજના પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણ જાગૃતિના અભાવે આપણે પૃથ્વીના અસ્તિત્વ સામે જોખમ ઊભું કરી રહ્યા છીએ. રોજેરોજ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઇ) બાબતે આવતાં સમાચારોમાંથી શીખ લેવા જણાવ્યું હતું અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બૅંક ઓફ ઈન્ડિયા દ્વારા ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત ‘એક પેડ મા કે નામ’ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, બૅંક કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ પ્રસંગે બૅંક દ્વારા બોપલ-આંબલી વૃદ્ધાશ્રમને સહાય આપવામાં આવી હતી તેમજ સ્વચ્છતા અભિયાન અને વોકેથોન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. જેમાં ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ બૅંકના ઝોનલ હેડ એસ.કે. સરકાર, અમદાવાદના રિજનલ હેડ ગૌરવ કુમાર જૈન, ધ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલના યોગેશ શ્રીધર અને તેજસ શ્રીધર તેમજ શાળા તેમજ બૅંક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## આ ગુજરાતીઓ પર IPL ટીમ પર્સ ખાલી કરી શકે

# ક્રિકેટર બનવા 500 કિલોમીટર દૂર બરોડા આવેલો રાજ હોટ ફેવરિટ

**મુંબઈ, તા. 16**

IPL મિની ઓક્શન આજે બપોરે 2:30 વાગ્યેથી શરૂ થશે. સૌ કોઈની નજર કેમરૂન ગ્રીન, લિવિંગસ્ટન જેવા વિદેશી પ્લેયર્સ પર રહેશે. પણ ભારતની અને ખાસ કરીને ગુજરાતી ખેલાડીઓની વાત કરીએ તો આ વખતે એવા 6 પ્લેયર્સ છે, જેના પર IPL ટીમની નજર રહેશે. આપણે એવા 6 ખેલાડીઓ વિશે જાણીશું કે તેઓ પર બેંક બેલેન્સ પણ તૂટી શકે છે...

1. રાજ લિંબાણી (ઓલરાઉન્ડર - બરોડા)

ડોમેસ્ટિક ક્રિકેટમાં બરોડા તરફથી રમતો રાજ લિંબાણી સતત સારા પરફોર્મન્સના કારણે ધ્યાન ખેંચી રહ્યો છે. તેણે 2024ના U-19 વર્લ્ડ કપમાં ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. 20 વર્ષિય રાજ ઘણી IPL ટીમના રડાર પર રહેલો છે. રાજ લિંબાણી જો ક્રિકેટર ન બન્યો હોત, તો તે પોતાના પિતા સાથે ખેતી કરતો હોત. તેના પિતા વસંત પટેલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જો તે ક્રિકેટમાં સફળ ન થાય તો તેને પણ ખેતી કરવી પડશે. જોકે, પિતાએ દીકરાના સપનાને પ્રાથમિકતા આપી અને લિંબાણીને ક્રિકેટર બનવા માટે મોકલ્યો. બરોડાથી લગભગ 550 કિલોમીટર દૂર, કચ્છના દયાપર જિલ્લામાં લિંબાણીનું ઘર છે. લિંબાણીનું ઘર રણના વિસ્તારમાં છે, જ્યાં રમવાની સગવડ બિલકુલ નહોતી. પિતાએ બાળપણથી જ લિંબાણીનું ધ્યાન ક્રિકેટ પર જોયું. તેણે પહેલા ટેનિસ અને પછી સીઝનના બોલથી બોલિંગ શરૂ કરી. કચ્છ વિસ્તારમાં સખત ગરમી પડે છે, તેમ છતાં લિંબાણી ગરમીમાં રેતી પર કલાકો સુધી બોલિંગનો અભ્યાસ કરતા. રાજ લિંબાણીએ કચ્છના રણની રેતીમાં બોલિંગ કરવાનું શરૂ કર્યું, પરંતુ ક્રિકેટ રમવાની ચાહતમાં તે બરોડા ગયો. તે 2024માં U19 વર્લ્ડ કપનો ભાગ હતો. આ સિઝનમાં તે ઝડપી બોલિંગ કરી રહ્યા છે અને બેટથી પણ સારા છે. ફ્રેન્ચાઈઝીની તેના પર પણ નજર છે. રાજ લિંબાણીએ આ વર્ષે SMATમાં બરોડા તરફથી રમતા જોરદાર પ્રદર્શન કર્યું છે. તેણે 7 મેચમાં 8.58ની ઈકોનોમીથી 15 વિકેટ ઝડપી છે. તેને ગયા વર્ષે બરોડા માટે ડેબ્યૂ કર્યું હતું. જેમાં તેને હાર્દિક પંડ્યાએ ડેબ્યૂ કેપ આપી હતી. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરતો આવ્યો છે. આ માટે તેના પર આ વખતે IPL ટીમની નજર રહી છે. તેને માટે ઘણી ટીમ બોલી લગાવશે.

2. કેઈન્સ ફુલેત્રા (લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર - સૌરાષ્ટ્ર)

20 વર્ષીય કેઈન્સ ફુલેત્રા સૌરાષ્ટ્રના એક યુવા અને પ્રતિભાશાળી બોલર છે. તે લેફ્ટ આર્મ ચાઈનામેન બોલિંગ કરે છે. સૌરાષ્ટ્રના સિનિયર ખેલાડી જયદેવ ઉનડકટે તેની પ્રતિભાને ઓળખી અને તેને રાજકોટમાં નેટ બોલર તરીકે બોલાવ્યો. IPL 2025માં, તેને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)એ નેટ બોલર તરીકે ટીમમાં સામેલ કર્યો હતો. જ્યાં તેણે હેનરિક ક્લાસેન જેવા ખેલાડીઓને નેટમાં બોલિંગ કરી હતી, અને ક્લાસેન પણ તેની બોલિંગથી પ્રભાવિત થયો હતો. હેનરિક ક્લાસેને પણ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે તે નેટ્સમાં ફુલેત્રાને લાંબા શોટ્સ ફટકારી શકતો નહોતો. તેણે વિજય હઝારે ટ્રોફી અને સૌરાષ્ટ્ર પ્રો T20 લીગમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેની અનોખી બોલિંગ સ્ટાઈલ અને ક્ષમતાને જોતાં, IPL 2026ના ઓક્શનમાં તેના પર મોટી બોલી લાગવાની અપેક્ષા છે, અને ઘણી ફ્રેન્ચાઈઝી તેમની પર નજર રાખી રહી છે. IPL ટીમ ઈન્ડિયન સ્પિનરોની શોધમાં છે, તેથી તેને સારી રકમ મળી શકે છે. SRH અથવા RR તેના પર મોટી બોલી લગાવી શકે છે. KKR પણ આ ખેલાડી માટે બોલી લગાવી શકે છે.

3. રુચિત આહિર (વિકેટકીપર-બેટર-સૌરાષ્ટ્ર)

રુચિત આહિર એ સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમ તરફથી રમતો એક ઉભરતા ક્રિકેટર છે. તે વિકેટકીપર-બેટર તરીકે રમે છે. આ રાઈટ-હેન્ડ બેટર છેલ્લા બે વર્ષથી સૌરાષ્ટ્ર ટીમ તરફથી રમે છે. તેણે ગયા વર્ષે સૈયદ મુશ્તાક અલીમાં રમતા વિસ્ફોટક બેટિંગ કરી હતી. તે પૂરી તાકાત અને સાથે જ ટાઈમિંગ સાથે લાંબા શોટ્સ રમી જાણે છે. તેણે આ વર્ષે પણ સૌરાષ્ટ્ર માટે શાનદાર પ્રદર્શન આપ્યું છે. તેણે સૌરાષ્ટ્રની અંડર-19 ટીમમાં સારું પ્રદર્શન કરીને ધ્યાન ખેંચ્યું હતું. આ ઉપરાંત ઘણી IPL ટીમના રડાર પર છે. IPL ટીમને વિકેટકીપર-બેટર જોઈએ છે. રુચિત આહિર આ રોલ માટે પરફેક્ટ છે. 25 વર્ષીય રુચિત પર IPL ટીમ ઉંચી બોલી લગાવી શકે છે.

4. ભાનુ પાનિયા (બેટર- બરોડા)

ગત વર્ષની સૈયદ મુશ્તીક અલી ટ્રોફીમાં બરોડા તરફથી ભાનુ પાનિયાનું સૌથી શક્તિશાળી ફોર્મ જોવા મળ્યું હતું. તેણે અણનમ સદી ફટકારી અને 134 રનની શાનદાર ઈનિંગ રમી હતી. ભાનુએ માત્ર 51 બોલનો સામનો કરીને આટલા રન બનાવ્યા, જેમાં 15 છગ્ગા પણ સામેલ હતા. ઈનિંગમાં તેના બેટમાંથી 5 ચોગ્ગા પણ આવ્યા હતા. બરોડા તરફથી રમચો ભાનુ પનિયાએ ગયા વર્ષે SMATમાં જોરદાર રેકોર્ડ્સ બનાવ્યા હતા. તે T-20માં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવનાર બેટર બન્યો.

## માત્ર 12 વર્ષ જ જીવવાનો હતો

# કેમરૂન ગ્રીન : મજબૂત માનસિકતાએ આ પડાવ સુધી પહોંચાડ્યો



**મુંબઈ, તા. 16**

આજે એટલે કે 16 ડિસેમ્બર 2025ના રોજ અબુ ધાબીના એતિહાદ એરેનામાં IPL 2026નું મિની ઓક્શન ચાલી રહ્યું છે. માત્ર 77 સ્લોટ ભરવા માટે 10 ટીમો મેદાનમાં છે. અપેક્ષા મુજબ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન આ ઓક્શનનો સૌથી મોટો ચહેરો સાબિત થયો. ગ્રીનને ખરીદવા માટે ઓક્શન ટેબલ પર વિવિધ ટીમ વચ્ચે ભારે જંગ જોવા મળી. કેમરૂન ગ્રીન પણ મોંઘા ખેલાડીઓમાં સામેલ શરૂઆતમાં રાજસ્થાન રોયલ્સ અને KKR વચ્ચે લાંબા સમય સુધી ખેંચતાણ ચાલી. ત્યારબાદ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને KKR વચ્ચે જબરદસ્ત સ્પર્ધા જોવા મળી. આખરે KKRએ કેમરૂન ગ્રીનને 25 કરોડ 20 લાખમાં ખરીદીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. કેમરૂન ગ્રીન હવે આ ઓક્શનનો સૌથી મોંઘા ખેલાડીઓમાંથી એક બની ગયો છે. ગ્રીનને 18 કરોડ રૂપિયા જ મળશે કોલકાતા નાઈટ રાઈડર્સે ભલે કેમેરોન ગ્રીનને 25.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હોય, પરંતુ ગ્રીનને માત્ર 18 કરોડ રૂપિયા જ મળશે. બાકીના 7.20 કરોડ રૂપિયા BCCIના વેલ્ફેર ફંડમાં જમા કરાવી દેવામાં આવશે. હકીકતમાં, BCCIએ ગયા વર્ષે જ વિદેશી ખેલાડીઓ માટે મિની ઓક્શનમાં 18 કરોડ રૂપિયાની અપર લિમિટ નક્કી કરી દીધી હતી. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો જેથી વિદેશી ખેલાડીઓ વધારે માગનો અયોગ્ય ફાયદો ન ઉઠાવી શકે. કેમરૂન ગ્રીનની IPL સફર કેમરૂન ગ્રીને IPLમાં પોતાની શરૂઆત અને અત્યાર સુધીની સફર દ્વારા સૌને પ્રભાવિત કર્યા છે. કેમરૂન ગ્રીને વર્ષ 2023માં મુંબઈ ઈન્ડિયન્સ સાથે આ લીગમાં એન્ટ્રી કરી હતી. તે સમયે મુંબઈ ઈન્ડિયન્સે તેને 17.5 કરોડમાં ખરીદ્યો હતો, જેનાથી તે એ વર્ષના સૌથી મોંઘા વિદેશી ખેલાડીઓમાંથી એક હતો. ત્યારે જ તેણે હૈદરાબાદ સામે સેન્ચૂરી મારીને પોતાની આ કિંમતને સાચી સાબિત કરી બતાવી.

## સતત લો પર્ફોર્મન્સ છતાં ગિલ 2025નો નંબર-1 બેટર

# હાર્દિક 1000+ રન અને 100 વિકેટ લેનાર પ્રથમ ભારતીય

### અભિષેકે ત્રીજીવાર પહેલી બોલ પર સિક્સ ફટકારી; રેકોર્ડ્સ-મોમેન્ટ્સ

**મુંબઈ, તા. 16**

ભારતે ટી-20 સિરીઝની ત્રીજી મેચમાં સાઉથ આફ્રિકાને 7 વિકેટે હરાવ્યું. રવિવારે 118 રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતીય ટીમે 15.5 ઓવરમાં 7 વિકેટે મેચ જીતી. સાઉથ આફ્રિકાની ટીમ 20 ઓવરમાં 117 રન પર સમેટાઈ ગઈ હતી. ધર્મશાલામાં હાર્દિક પંડ્યા ટી-20 ઈન્ટરનેશનલમાં 1000થી વધુ રન અને 100 વિકેટ પૂરી કરનાર પ્રથમ ભારતીય બન્યો. ભારતીય ઓપનર શુભમન ગિલે 28 રન બનાવ્યા. તે આ વર્ષે ત્રણેય ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. અભિષેક શર્માએ ત્રીજી વખત ઈનિંગ્સના પહેલા જ બોલ પર છગ્ગો ફટકાર્યો. આ ઉપરાંત વરુણ ચક્રવર્તીએ પણ પોતાની 50 ટી-20 ઈન્ટરનેશનલ વિકેટ પૂરી કરી લીધી.

1. હાર્દિક 1000+ રન અને 100 વિકેટ લેનાર પ્રથમ ભારતીય

હાર્દિક પંડ્યા ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 1000થી વધુ રન અને 100 વિકેટ લેનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો. તેણે આ સિદ્ધિ 1939 રન અને 100 વિકેટ સાથે હાંસલ કરી. હાર્દિક પહેલાં માત્ર વિદેશી ઓલરાઉન્ડરો સામેલ હતા, જેમાં શાકિબ અલ હસન, મોહમ્મદ નબી અને સિકંદર રઝા જેવા સ્પિન ઓલરાઉન્ડરો છે. હાર્દિક આ રેકોર્ડમાં સામેલ થનાર પ્રથમ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર પણ છે, જેનાથી તેની આ સિદ્ધિ વધુ ખાસ બની જાય છે. સાથે જ પંડ્યા ટી-20 ઈન્ટરનેશનલમાં 100 વિકેટ લેનાર ત્રીજો ભારતીય બોલર બન્યો. તેની પહેલાં અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહ આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે.

2. શુભમન ગિલ વર્ષનો ટોપ સ્કોરર બન્યો, શાઈ હોપને પાછળ છોડ્યો

ભારતીય ઓપનર શુભમન ગિલ આ વર્ષનો ટોપ સ્કોરર બની ગયો છે. તેના વર્ષ 2025માં ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, વનડે અને ટી-20 ઈન્ટરનેશનલ)માં 1764 રન થઈ ગયા છે.



# અફેરની વાત પર આરતી સિંહ ગુસ્સે થઈ



**મુંબઈ, તા. 16**

પોપ્યુલર એક્ટર જય ભાનુશાળી હાલમાં છૂટાછેડાના સમાચારોને કારણે ચર્ચામાં છે. તાજેતરમાં જયને બિસ્મિલ કોન્સર્ટમાં જોવામાં આવ્યો હતો. તેની સાથે એક મહિલા પણ જોવા મળી હતી, ત્યારબાદ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો કે જય ભાનુશાળી મિસ્ટ્રી ગર્લ સાથે કોન્સર્ટમાં પહોંચ્યો હતો. જોકે, મિસ્ટ્રી ગર્લ કહેવાતી મહિલા અન્ય કોઈ નહીં પણ એક્ટ્રેસ માયશા ઐયર છે. જય ભાનુશાળી અને માયશા ઐયર પર આવા દાવા કરવામાં આવતા હવે એક્ટ્રેસ આરતી સિંહ ભડકી ઊઠી છે. ઈન્સ્ટાગ્રામ પર એક ન્યૂઝ આઉટલેટના એકાઉન્ટ પરથી જય ભાનુશાળી અને માયશાનો કોન્સર્ટ એન્જોય કરતો એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો જેની સાથે લખ્યું હતું, 'છૂટાછેડાના સમાચારો વચ્ચે જય ભાનુશાળીને મિસ્ટ્રી ગર્લ સાથે જોવામાં આવ્યો.' આ વીડિયો પર આરતી સિંહે ગુસ્સે થઈને કોમેન્ટ કરી લખ્યું, 'તમે લોકો કંઈ પણ લખો છો, આ તેની રાખડીની બહેન છે. તમારા ફેક્ટ્સ ચેક કરી લો.' આરતી સિંહ ઉપરાંત પણ ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ આ વીડિયો અને તેના કેપ્શનની સખત ટીકા કરી રહ્યા છે. જણાવી દઈએ કે માયશા ઐયર, બિગ બોસ 16નો ભાગ રહી ચૂકી છે. આ કોન્સર્ટમાં માયશા અને જય ભાનુશાળી ઉપરાંત આવેઝ દરબાર, નગ્મા મિરાજકર, આકાંક્ષા પુરી સહિત ઘણા સેલેબ્સ હાજર હતા. લાંબા સમયથી માહી વિજ અને જય ભાનુશાળીના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં છે. ગયા મહિને અહેવાલો હતા કે બંનેના છૂટાછેડાની પ્રક્રિયા ચાલુ છે અને હવે બંને દીકરી તારાની કસ્ટડી પર નિર્ણય લઈ રહ્યા છે. આ દરમિયાન માહી વિજે પોતાના યુટ્યુબ વ્લોગમાં છૂટાછેડાના સમાચારો પર પ્રતિક્રિયા આપી, જોકે તેમણે એ સ્પષ્ટ નથી કર્યું કે તેઓ છૂટાછેડા લઈ રહ્યા છે કે નહીં. તમારા ફેક્ટ્સ ચેક કરી લો.' આરતી સિંહ ઉપરાંત પણ ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ આ વીડિયો અને તેના કેપ્શનની સખત ટીકા કરી રહ્યા છે. જણાવી દઈએ કે માયશા ઐયર, બિગ બોસ 16નો ભાગ રહી ચૂકી છે. આ કોન્સર્ટમાં માયશા અને જય ભાનુશાળી ઉપરાંત આવેઝ દરબાર, નગ્મા મિરાજકર, આકાંક્ષા પુરી સહિત ઘણા સેલેબ્સ હાજર હતા. લાંબા સમયથી માહી વિજ અને જય ભાનુશાળીના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં છે. ગયા મહિને અહેવાલો હતા કે બંનેના છૂટાછેડાની પ્રક્રિયા ચાલુ છે અને હવે બંને દીકરી તારાની કસ્ટડી પર નિર્ણય લઈ રહ્યા છે. આ દરમિયાન માહી વિજે પોતાના યુટ્યુબ વ્લોગમાં છૂટાછેડાના સમાચારો પર પ્રતિક્રિયા આપી, જોકે તેમણે એ સ્પષ્ટ નથી કર્યું કે તેઓ છૂટાછેડા લઈ રહ્યા છે કે નહીં.

# 'ધુરંધર'જેવી ફિલ્મ બનાવીને બહુ ખોટું કર્યું : શ્રદ્ધા કપૂર

### 'આદિત્ય ધર ભાવનાઓ સાથે ન રમો'; સોશિયલ મીડિયામાં નિંદા દ્વારા વખાણ કરી એક્ટ્રેસે રિવ્યૂ કર્યો



**મુંબઈ, તા. 16**

આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર' સતત ચર્ચામાં છે. ફિલ્મે વિશ્વભરમાં 500 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે. હૃતિક રોશન અને અક્ષય કુમાર પછી હવે એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરે પણ ફિલ્મના વખાણ કર્યા છે. સોમવારે શ્રદ્ધા કપૂરે ઈન્સ્ટાગ્રામ પર 'ધુરંધર' જોયા પછી પોતાની પ્રતિક્રિયા આપી. તેણે પહેલી સ્ટોરીમાં લખ્યું- "આદિત્ય ધરે 'ધુરંધર' જેવી ફિલ્મ બનાવીને બહુ ખોટું કર્યું." આ પછી બીજી સ્ટોરીમાં તેણે લખ્યું- 'અને પછી પાર્ટ 2 માટે ત્રણ મહિના રાહ જોવડાવી રહ્યા છે. અમારી ભાવનાઓ સાથે ન રમો, રિલીઝ વહેલી કરી દો. આ એક શાનદાર અનુભવ હતો. જો સવારે શૂટ ન હોત તો હું અત્યારે ફરીથી ફિલ્મ જોવા જાત.' શ્રદ્ધાએ આગળ લખ્યું કે- વર્ષ 2025 હિન્દી સિનેમા માટે એક મજબૂત સમયગાળો છે. તેણે 'છાવા', 'સૈયારા' અને 'ધુરંધર' જેવી ફિલ્મોનો ઉલ્લેખ કર્યો. ઉપરાંત, શ્રદ્ધા કપૂરે ફિલ્મને લઈને થયેલા નકારાત્મક PR અને ઊભા થયેલા વિવાદો વિશે પણ વાત કરી. તેણે લખ્યું કે- યામી ગૌતમને ફિલ્મ વિરુદ્ધ ચાલી રહેલા નકારાત્મક PR પર ખુલ્લેઆમ બોલવું પડ્યું, પરંતુ તેમ છતાં 'ધુરંધર' મજબૂતીથી આગળ વધી. તેણે કહ્યું કે કોઈ પણ ખોટી શક્તિ સારી ફિલ્મને નીચે ખેંચી શકતી નથી અને દર્શકો પર વિશ્વાસ છે. 'ધુરંધર' એક સ્પાય થ્રિલર ફિલ્મ છે. ફિલ્મમાં રણવીર સિંહ, અર્જુન રામપાલ, અક્ષય ખન્ના, સંજય દત્ત અને આર. માધવન મુખ્ય ભૂમિકાઓમાં છે. ઉપરાંત સારા અર્જુન, રાકેશ બેદી અને દાનિશ પંડોરે પણ કામ કર્યું. હવે 'ધુરંધર'ની સિક્વલ 19 માર્ચ 2026 ના રોજ રિલીઝ થવાની છે.

# બેસ્ટ એક્ટ્રેસ બની અનન્યા પાંડે; આલિયાએ લૂંટી લાઈમલાઈટ

### ફિલ્મફેર OTT એવોર્ડ્સ 2025, ડેબ્યૂ કરતાની સાથે જ કપૂર પરિવારનો લાડલો છવાયો

**મુંબઈ, તા. 16**

ફિલ્મફેર OTT એવોર્ડ્સની છઠ્ઠી સિઝન 15 ડિસેમ્બરે મુંબઈમાં યોજાઈ હતી. આ ઈવેન્ટમાં આલિયા ભટ્ટ, વિક્કી કૌશલ સહિત અનેક મોટા સ્ટાર્સ હાજર રહ્યા હતા. 'પાતાલ લોક' સિઝન 2, 'બ્લેક વોરંટ' અને 'ખૌફ' જેવા શોએ ઘણા એવોર્ડ જીત્યા. જ્યારે વેબ ઓરિજિનલ ફિલ્મોમાં 'ગર્લ્સ વિલ બી ગર્લ્સ', 'સ્ટોલન' અને 'સેક્ટર 36'ને પણ એવોર્ડ મળ્યા. લાંબા સમયથી માહી વિજ અને જય ભાનુશાળીના છૂટાછેડાના



સમાચાર ચર્ચામાં છે. ગયા મહિને અહેવાલો હતા કે બંનેના છૂટાછેડાની પ્રક્રિયા ચાલુ છે અને હવે બંને દીકરી તારાની કસ્ટડી પર નિર્ણય લઈ રહ્યા છે. આ દરમિયાન માહી વિજે પોતાના યુટ્યુબ વ્લોગમાં છૂટાછેડાના સમાચારો પર પ્રતિક્રિયા આપી, જોકે તેમણે એ સ્પષ્ટ નથી કર્યું કે તેઓ છૂટાછેડા લઈ રહ્યા છે કે નહીં. 'પાતાલ લોક' સિઝન 2, 'બ્લેક વોરંટ' અને 'ખૌફ' જેવા શોએ ઘણા એવોર્ડ જીત્યા. જ્યારે વેબ ઓરિજિનલ ફિલ્મોમાં 'ગર્લ્સ વિલ બી ગર્લ્સ', 'સ્ટોલન' અને 'સેક્ટર 36'ને પણ એવોર્ડ મળ્યા. લાંબા સમયથી માહી વિજ અને જય ભાનુશાળીના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં છે. ગયા મહિને અહેવાલો હતા કે બંનેના છૂટાછેડાની પ્રક્રિયા ચાલુ છે અને હવે બંને દીકરી તારાની કસ્ટડી પર નિર્ણય લઈ રહ્યા છે. આ દરમિયાન માહી વિજે પોતાના યુટ્યુબ વ્લોગમાં છૂટાછેડાના સમાચારો પર પ્રતિક્રિયા આપી, જોકે તેમણે એ સ્પષ્ટ નથી કર્યું કે તેઓ છૂટાછેડા લઈ રહ્યા છે કે નહીં.

# SBIની હોમ લોન 0.25% સસ્તી થઈ : હવે 7.25% વ્યાજ દરથી શરૂ, અહીં સમજો ઘટાડાથી EMI કેટલી ઓછી થઈ જશે....

**નવી દિલ્હી, તા.16**

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) એ લોનની વ્યાજ દરોમાં 0.25% નો ઘટાડો કર્યો છે. આ ઘટાડા પછી SBI માંથી તમામ પ્રકારની લોન લેવી હવે સસ્તી થઈ ગઈ છે. હવે SBI ના હોમ લોનના વ્યાજ દર વાર્ષિક 7.25% થી શરૂ થશે.

RBI એ તાજેતરમાં રેપો રેટને 5.50% થી ઘટાડીને 5.25% કર્યો છે. જેના પછી બેંકોએ પણ FD અને લોનના વ્યાજ દરોમાં ઘટાડો કરવાનું શરૂ કરી દીધું છે. આ પહેલા HDFC બેંક અને પંજાબ નેશનલ બેંક સહિત 5 મોટી બેંકોએ હોમ લોનના વ્યાજ દરોમાં 0.25% સુધીનો ઘટાડો કર્યો હતો.

તમને હોમ લોન કયા વ્યાજ દરે મળશે તે તમારા ક્રેડિટ સ્કોર, લોન-ટુ-વેલ્યુ રેશિયો, લોન એમાઉન્ટ અને ટેન્યોર જેવી બાબતો પર આધાર રાખે છે. આવા કિસ્સામાં, ધારો કે પહેલા તમારા માટે બેંકનો હોમ લોન વ્યાજ દર 8% હતો જે 0.25% ના ઘટાડા પછી 7.75% રહેશે.

કાપ પછી 20 વર્ષની 20 લાખની લોન પર EMI 310 રૂપિયા સુધી ઘટશે. એ જ રીતે 30 લાખની લોન પર EMI 465 રૂપિયા સુધી ઘટશે. નવા અને હાલના બંને ગ્રાહકોને તેનો લાભ મળશે.

આ વ્યાજ દરમાં ઘટાડાનો લાભ તે તમામ લોકોને થશે, જેમની લોન રેપો લિંક્ડ લેન્ડિંગ રેટ (RLLR) સાથે જોડાયેલી છે...

નવી લોન લેનારાઓ માટે: જો તમે નવી હોમ લોન લેવાનું વિચારી રહ્યા છો, તો હવે તમારે ઓછું વ્યાજ ચૂકવવું પડશે. ઉદાહરણ તરીકે, SBIની નવી હોમ લોનનો વ્યાજ દર પહેલા 7.50% થી શરૂ થતો હતો, જે હવે ઘટીને લગભગ 7.25% થઈ જશે.

જૂની લોન ધરાવનારાઓ માટે: જે લોકોએ પહેલાથી RLLR સાથે જોડાયેલી ફ્લોટિંગ રેટ હોમ લોન લીધી છે, તેમનો વ્યાજ દર પણ આગામી રીસેટ પિરિયડમાં ઓછો થઈ જશે. આનાથી કાં તો તેમની EMI ઓછી થશે, અથવા લોનની અવધિ ઘટી જશે. જો લોન ફિક્સ્ડ રેટ સાથે જોડાયેલી હોય, તો ફાયદો નહીં મળે.




RLLR ના આધારે બેંકો તેમની લોનનો વ્યાજ દર નક્કી કરે છે. જો રેપો રેટ ઓછો થાય, તો RLLR પણ ઓછો થઈ જાય છે, અને લોનના વ્યાજ દરો પણ ઘટી જાય છે. RLLR માં બેંક રેપો રેટ ઉપર પોતાનું એક માર્જિન ઉમેરે છે, જેથી તેમના ખર્ચ અને નફો કવર થઈ શકે.

ધારો કે રિઝર્વ બેંકનો રેપો રેટ 5.25% છે અને બેંક 2.25% માર્જિન ઉમેરે છે, તો RLLR 7.50% થશે. વ્યાજ દર નક્કી કરવા માટે RLLR માં ક્રેડિટ રિસ્ક પ્રીમિયમ ઉમેરવામાં આવે છે, જે ક્રેડિટ પ્રોફાઈલ પર આધારિત હોય છે.

જો RLLR 7.50% છે અને તમારું ક્રેડિટ રિસ્ક પ્રીમિયમ 0.5% છે, તો તમારી હોમ લોનની વ્યાજ દર 8% હશે.

RBI ના નિયમો અનુસાર, ફ્લોટિંગ રેટ લોનને રેપો રેટ મુજબ સમયાંતરે રીસેટ કરવું જરૂરી છે. આનો અર્થ એ છે કે જે લોકોએ પહેલાથી લોન લીધી છે, તેમની વ્યાજ દર આપમેળે ઓછી થઈ જશે, કારણ કે બેંકને રેપો રેટ ઘટવાનો ફાયદો આપવો પડે છે. પરંતુ, નવા લોન લેનારાઓને કદાચ પૂરો ફાયદો ન મળે. આ એટલા માટે, કારણ કે બેંક પોતાના નફાને બચાવવા માટે રેપો રેટ ઉપર જે વધારાનું માર્જિન એટલે કે, સ્પ્રેડ ઉમેરે છે, તેને વધારી શકે છે.

જો તમારી લોન MCLR અથવા ફિક્સ્ડ રેટ સાથે જોડાયેલી હોય, તો તમે બેંક સાથે વાત કરીને તેને RLLRમાં સ્વિચ કરી શકો છો. જોકે, આ માટે કેટલીક ફી ચૂકવવી પડી શકે છે. જો તમારી લોન હજુ શરૂઆતના વર્ષોમાં હોય, તો સ્વિચ કરવાથી લાંબા ગાળે વ્યાજની બચત થઈ શકે છે.

આ વર્ષે રેપો રેટ 3 વખત ઘટ્યો, 1% નો ઘટાડો થયો RBI એ ફેબ્રુઆરીમાં યોજાયેલી મીટિંગમાં વ્યાજ દરોને 6.5% થી ઘટાડીને 6.25% કર્યા હતા. મોનેટરી પોલિસી કમિટી દ્વારા આ ઘટાડો લગભગ 5 વર્ષ પછી કરવામાં આવ્યો હતો. બીજી વખત એપ્રિલમાં યોજાયેલી મીટિંગમાં પણ વ્યાજ દર 0.25% ઘટાડવામાં આવ્યો હતો. હવે ત્રીજી વખત દરોમાં ઘટાડો થયો છે. એટલે કે, મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ વખતમાં વ્યાજ દરો 1% ઘટાડ્યા છે.

1. પ્રી-પેમેન્ટ પેનલ્ટી વિશેની માહિતી ચોક્કસ લો ઘણી બેંકો સમય પહેલા લોન ચૂકવવા પર પેનલ્ટી લગાવે છે. આવી સ્થિતિમાં, બેંકો પાસેથી આ વિશે સંપૂર્ણ વિગતો મેળવી લો, કારણ કે સમય પહેલા લોન ચૂકવવા પર બેંકોને અપેક્ષા મુજબ ઓછું વ્યાજ મળે છે. આવી સ્થિતિમાં, તેમની તરફથી કેટલીક શરતો અને નિયમો લાગુ કરવામાં આવે છે. તેથી, હોમ લોન લેતી વખતે આ વિશે સંપૂર્ણ માહિતી મેળવી લો.

2. તમારા સિબિલ સ્કોરનું ધ્યાન રાખો સિબિલ સ્કોરથી વ્યક્તિની ક્રેડિટ હિસ્ટ્રીનો ખ્યાલ આવે છે. પર્સનલ લોનના કિસ્સામાં બેંક અરજદારનો સિબિલ સ્કોર ચોક્કસ જુએ છે. ક્રેડિટ સ્કોર ઘણી ખાસ ક્રેડિટ પ્રોફાઈલિંગ કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે.

તેમાં એ જોવામાં આવે છે કે તમે પહેલા લોન લીધી છે કે ક્રેડિટ કાર્ડ વગેરેનો ઉપયોગ કઈ રીતે કર્યો છે. કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર રીપેમેન્ટ હિસ્ટ્રી, ક્રેડિટના ઉપયોગનો ગુણોત્તર, હાલની લોન અને બિલના સમયસર પેમેન્ટ પરથી જાણી શકાય છે. આ સ્કોર 300-900 ની રેન્જમાં હોય છે, પરંતુ 700 કે તેથી વધુના સ્કોરને ધિરાણકર્તાઓ સારો માને છે.

3. ઑફર્સનું ધ્યાન રાખો બેંકો સમયાંતરે લોન લેનારાઓને વધુ સારા ઑફર્સ ઉપલબ્ધ કરાવતી રહે છે. આવી સ્થિતિમાં, તમે લોન લેતા પહેલા તમામ બેંકોની ઑફર્સ વિશે જાણી લો. કારણ કે ઉતાવળમાં લોન લેવી તમારા માટે ખોટી સાબિત થઈ શકે છે. લોન લેતા પહેલા યોગ્ય રીતે તપાસ કરી લો.

# મસ્ક દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ : એક દિવસમાં ₹15 લાખ કરોડ વધ્યા, કુલ નેટવર્થ 600 બિલિયન ડોલર થઈ, સ્પેસએક્સએ મસ્કને માલામાલ કર્યા

**નવી દિલ્હી, તા.16**

દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક (Elon Musk) ની સંપત્તિ 600 બિલિયન ડોલર (54.50 લાખ કરોડ) ને પાર કરી ગઈ છે. મસ્ક આ નેટવર્થનો આંકડો સ્પર્શ કરનાર દુનિયાના પ્રથમ વ્યક્તિ બની ગયા છે.

સ્પેસએક્સ (SpaceX) ના 800 બિલિયન ડોલરના વેલ્યુએશન અને IPO આવવાના સમાચાર બાદ મસ્કની સંપત્તિમાં એક જ દિવસમાં લગભગ 168 બિલિયન ડોલર (15 લાખ કરોડ) નો વધારો થયો. આ અંબાણીની કુલ નેટવર્થ 110 બિલિયન (10 લાખ કરોડ) થી પણ વધુ છે.

હવે મસ્કની કુલ નેટવર્થ લગભગ 638 બિલિયન ડોલર છે. ઈનસાઈડર શેર વેચાણ પછી, સ્પેસએક્સ હવે દુનિયાની સૌથી વેલ્યુએબલ પ્રાઈવેટ કંપની બની ગઈ છે. મસ્ક સ્પેસએક્સના સ્થાપક અને CEO છે.

રોઈટર્સ (Reuters) મુજબ, કંપનીની અંદર જ થયેલા શેર્સના વેચાણમાં સ્પેસએક્સની કુલ વેલ્યુએશન $800 બિલિયન છે. મસ્ક પાસે સ્પેસએક્સમાં લગભગ 42% હિસ્સેદારી છે. જો કંપની અમેરિકી શેરબજારમાં 800 બિલિયન ડોલરના વેલ્યુએશન પર લિસ્ટ થાય છે, તો મસ્કની હિસ્સેદારીની કિંમત એકલા 336 બિલિયન ડોલરથી વધુ વધી શકે છે.



ફોર્બ્સનું કહેવું છે કે આવું થવા પર મસ્ક દુનિયાના પહેલા ટ્રિલિયનેર બની શકે છે, જોકે, આ IPOના સારા લિસ્ટિંગ પર નિર્ભર કરશે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ પર, મંગળવારે સવારે 11 વાગ્યા સુધીમાં, ઈલોન મસ્કની સંપત્તિ $638 બિલિયન હોવાનો અંદાજ હતો. લેરી પેજ ધનિક વ્યક્તિઓની યાદીમાં બીજા ક્રમે છે. તેમની સંપત્તિ $265 બિલિયન હોવાનો અંદાજ છે, એટલે કે મસ્ક લેરી પેજ કરતા લગભગ $373 બિલિયન આગળ છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી માત્ર ભારતમાં જ નહીં પણ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી બીજા ક્રમે છે. ઈલોન મસ્કની અંદાજિત 2025ની કમાણી અંબાણી અને અદાણીની સંયુક્ત નેટવર્થ કરતાં વધુ છે. અંબાણીની કુલ સંપત્તિ 106 અબજ ડોલર છે અને અદાણીની કુલ સંપત્તિ આશરે 85 અબજ ડોલર છે. આનાથી તેમની સંયુક્ત કુલ સંપત્તિ 191 અબજ ડોલર થઈ ગઈ છે. આ દરમિયાન, મસ્કે આ વર્ષે 205 અબજ ડોલરની કમાણી કરી છે. છેલ્લા 24 કલાકમાં જ મસ્કની કુલ સંપત્તિ 167 અબજ ડોલરને પાર થઈ ગઈ છે. ટેસ્લા: સ્પેસએક્સ ઉપરાંત, મસ્કની EV કંપની ટેસ્લામાં પણ તેમનો લગભગ 12% હિસ્સો છે. 2025માં અત્યાર સુધી ટેસ્લાના શેર 13% વધ્યા છે. સોમવારે પણ ટેસ્લાના શેર લગભગ 4% ઉપર હતા, જ્યારે મસ્કે કહ્યું કે કંપની ફ્રન્ટ પેસેન્જર સીટ પર સેફ્ટી મોનિટર વિના રોબોટેક્સીનું પરીક્ષણ કરી રહી છે. મસ્કનો ટેસ્લામાં હિસ્સો હવે લગભગ 197 બિલિયન ડોલરનો છે. xAI: તેમની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્ટાર્ટઅપ xAI પણ 230 અબજ ડોલરના વેલ્યુએશન પર 15 અબજ ડોલરની નવી ઈક્વિટી એકત્ર કરવા માટે વાતચીતના એડવાન્સ સ્ટેજમાં છે.

ઈલોન મસ્ક, ટેસ્લા અને સ્પેસએક્સના CEO છે. મસ્કે 10 વર્ષની ઉંમરે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખી અને 12 વર્ષની ઉંમરે 'બ્લાસ્ટર' નામની એક વીડિયો ગેમ તૈયાર કરી. તેને એક સ્થાનિક મેગેઝિને તેમની પાસેથી પાંચસો અમેરિકન ડોલરમાં ખરીદી. આને મસ્કની પ્રથમ 'વ્યાપારિક સિદ્ધિ' કહી શકાય છે.

1995માં તેમણે વેબ સોફ્ટવેર કંપની ઝિપ-2 બનાવી હતી. કોમ્પેકે આ કંપનીને 1999માં 307 મિલિયન ડોલરમાં ખરીદી લીધી હતી. આ ડીલથી મસ્કને કંપનીમાં 7% હિસ્સેદારીના બદલે 22 મિલિયન ડોલર મળ્યા હતા. અહીંથી જ ઈલોન મસ્કના બિઝનેસની અસલ શરૂઆત થઈ.

મસ્કે 1999માં પેપાલ બનાવ્યું હતું. ઈબેએ 2002માં તેને 1.5 અબજ ડોલરમાં ખરીદી લીધું. મસ્કને આ ડીલથી 180 મિલિયન ડોલરની કમાણી થઈ. આના તરત પછી મસ્કે સ્પેસએક્સની સ્થાપના કરી. આ કંપની દ્વારા મસ્ક મંગળ ગ્રહ પર કોલોની વસાવીને માનવતાને મલ્ટી પ્લેનેટ સ્પીશીજ બનાવવા માંગે છે.

ટેસ્લા:ટેસ્લાની સ્થાપના 2003માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટાર્પેનિંગ દ્વારા કરવામાં આવી હતી. એલોન મસ્ક કંપનીના શરૂઆતના રોકાણકારોમાંના એક હતા અને ફેબ્રુઆરી 2004માં તેમણે ટેસ્લામાં મોટું રોકાણ કર્યું. ત્યારબાદ મસ્ક ટેસ્લાના ચેરમેન અને પછી CEO બન્યા. ટેસ્લાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રિક વાહનોને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો અને સસ્ટેનેબલ એનર્જીને પ્રોત્સાહન આપવાનો હતો.

સ્પેસએક્સ:સ્પેસએક્સની શરૂઆત ઈલોન મસ્ક દ્વારા માર્ચ 2002માં કરવામાં આવી હતી. તેમનું સ્વપ્ન સ્પેસ લોન્ચનો ખર્ચ ઘટાડવાનો અને મંગળ ગ્રહ પર માનવ વસાહત વસાવવાનો હતો. સ્પેસએક્સે 2008માં પ્રથમ સફળ રોકેટ (ફાલ્કન 1) લોન્ચ કર્યું અને 2012માં તેનું ડ્રેગન કેપ્સ્યુલ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાયું. ન્યુરાલિંક:ન્યુરાલિંકની સ્થાપના ઈલોન મસ્ક દ્વારા 2016માં કરવામાં આવી હતી. આ કંપનીનો ઉદ્દેશ્ય માનવ મગજ અને કમ્પ્યુટરને જોડતી બ્રેઈન-મશીન ઈન્ટરફેસ ટેકનોલોજી વિકસાવવાનો છે. ન્યુરાલિંકનો હેતુ ન્યુરોલોજીકલ રોગોનો ઈલાજ કરવાનો અને ભવિષ્યમાં મનુષ્યોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે વધુ સારી રીતે જોડવાનો છે.

# ભારતમાં 43.4% ક્રિપ્ટો રોકાણ નાના શહેરોમાંથી : ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ 13% રોકાણકારો, આંધ્ર પ્રદેશમાં 10માંથી 6 રોકાણકાર મહિલાઓ....

**નવી દિલ્હી, તા.16**

ભારતના 75% ક્રિપ્ટો રોકાણકારો ટિયર-3,4 અને 2 જેવા નાના અને મધ્યમ કદના શહેરોમાંથી છે. કોઈનસ્વિચના ઈન્ડિયા ક્રિપ્ટો પોર્ટફોલિયો 2025 રિપોર્ટ અનુસાર 2025માં ક્રિપ્ટો અપનાવવાની વૃદ્ધિ સૌથી વધુ નાના શહેરોમાંથી આવી છે. ક્રિપ્ટો અપનાવવામાં ટિયર-3,4 શહેરોનો હિસ્સો 43.4% રહ્યો.

જ્યારે ટિયર-2 શહેરોનો હિસ્સો 32.2% છે. ટિયર-1 શહેરો હજુ પણ 25% યોગદાન આપી રહ્યા છે, પરંતુ હવે વધુ ભાગીદારી અન્ય શહેરોમાં ફેલાઈ ગઈ છે. આ રિપોર્ટ 2.5 કરોડ યુઝર્સના ડેટા પરથી બનાવવામાં આવ્યો છે. આમાં ભારત સતત ત્રીજા વર્ષે રિટેલ ક્રિપ્ટો અપનાવવામાં વર્લ્ડ લીડર રહ્યું છે.

ક્રિપ્ટોમાં કુલ રોકાણ કરાયેલી કિંમતનો 13% ઉત્તર પ્રદેશમાંથી આવ્યો. અહીં રોકાણકારોએ વૈવિધ્યસભર અભિગમ દર્શાવ્યો અને સ્મોલ કેપ, મિડ કેપ અને લાર્જ કેપમાં સંતુલિત ખરીદી કરી.

મહારાષ્ટ્ર 12.1% સાથે બીજા નંબર પર રહ્યું. તેને ફાઈનાન્સિયલ અને ડિજિટલ હબ હોવાનો ફાયદો મળ્યો. અહીં બ્લુચિપ અને લાર્જ કેપને વધુ પસંદ કરવામાં આવ્યા.

કર્ણાટક 7.9% સાથે ત્રીજા અને દિલ્હી 7.4% સાથે ચોથા સ્થાને રહ્યું. ત્યારબાદ હરિયાણા 6%, રાજસ્થાન 5.9%, વેસ્ટ બંગાળ 5.3%, આંધ્ર પ્રદેશ 5%, તમિલનાડુ 4.9%, બિહાર 4.3% નો હિસ્સો રહ્યો. ક્રિપ્ટો રોકાણકારોમાં યુવાનોની ભાગીદારી સતત વધી રહી છે. 26-35 વર્ષની ઉંમરના રોકાણકારો 45% છે. જ્યારે 18-25 વર્ષની ઉંમરના રોકાણકારો 25% છે. 2024માં 26-35 વય જૂથનો હિસ્સો 42% હતો, જે હવે વધીને 45% થયો છે. જ્યારે 18-25 વય જૂથના રોકાણકારોના હિસ્સામાં પણ વધારો થયો છે. તેનાથી વિપરીત, 35 વર્ષથી વધુ ઉંમરના રોકાણકારોની ભાગીદારી ઘટી છે. દેશભરના ક્રિપ્ટો રોકાણકારોમાં મહિલાઓની ભાગીદારી 12% છે. પરંતુ આંધ્ર પ્રદેશમાં આ આંકડો 59% છે, જે પુરુષો કરતાં 18% વધુ છે. જોખમ લેવામાં બિહાર સૌથી આગળ છે, જ્યાં 36.5% ક્રિપ્ટો રોકાણકારો સ્મોલકેપ એસેટ્સમાં પૈસા રોકે છે. તેનાથી વિપરીત, આંધ્ર પ્રદેશમાં 33.3% રોકાણ લાર્જકેપ એસેટ્સ અને NFTમાં છે. આ તફાવત બિટકોઈન અને ઈથેરિયમ જેવા બ્લુચિપ એસેટ્સમાં જોવા મળે છે.



રિપોર્ટના આંકડા દર્શાવે છે કે નાના શહેરોના રોકાણકારો હવે ક્રિપ્ટોને લાંબા ગાળાના રોકાણ તરીકે જોઈ રહ્યા છે. જોકે, શરૂઆતના રોકાણકારો માટે એ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે ભારતમાં ક્રિપ્ટો કાયદેસર નથી અને તેના પર લગભગ 30% ટેક્સ લાગે છે. રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર ટી રવિ શંકર કહી ચૂક્યા છે કે ક્રિપ્ટોકરન્સી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાના વિચાર પર ચર્ચા ચાલી રહી છે. આ કોઈ કરન્સી નથી, તેમાં પૈસાની મૂળભૂત લાક્ષણિકતાઓ નથી.

# સેન્સેક્સમાં 300 અંકથી વધુનો ઘટાડો : 84,900 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 100 અંક ઘટ્યો, બેંકિંગ અને ઓટો શેર્સમાં વેચવાલી

**મુંબઈ, તા.16**

શેરબજારમાં આજે એટલે કે 16 ડિસેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ લગભગ 300 પોઈન્ટ ઘટીને 84,900 ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 100 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે. તે 25,900 ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 26માં ઘટાડો જોવા મળ્યો છે. બેન્કિંગ, ઓટો અને IT શેરોમાં વેચવાલી જોવા મળી રહી છે. જ્યારે આજે મેઈનબોર્ડ સેગમેન્ટ IPO KSH ઈન્ટરનેશનલ બિડિંગ માટે ખુલ્યો છે.




એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.73% ઘટીને 4,019 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 1.28% ઘટીને 49,523 પર ટ્રેડ થઈ રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.89% ઘટીને 25,145 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 1.22% ઘટીને 3,820 પર ટ્રેડ થઈ રહ્યો છે.

15 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.086% ઘટીને 48,416 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.59% અને S&P 500 0.16% ઘટીને બંધ થયા.

KSH ઈન્ટરનેશનલનો IPO આજથી ઓપન KSH ઈન્ટરનેશનલ લિમિટેડનો IPO આજથી ઓપન થઈ ગયો છે. તેમાં 18 ડિસેમ્બર સુધી રોકાણ કરી શકાશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 710 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે. IPOમાં 420 કરોડ રૂપિયાના ફ્રેશ શેર જારી કરવામાં આવશે. જ્યારે પ્રમોટર્સ 290 કરોડ રૂપિયાના શેર (ઓફર-ફોર-સેલ) વેચશે.

15 ડિસેમ્બરે FIIs એ 1,468 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. જ્યારે DIIs એ 1,792 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે.

ડિસેમ્બરમાં 15 તારીખ સુધીમાં FIIs એ કુલ 21,073 કરોડના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 41,762 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

શેરબજારમાં 15 ડિસેમ્બરે ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 54 અંક ઘટીને 85,213 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 20 અંકનો ઘટાડો રહ્યો. તે 26,027 પર બંધ થયો. આજે સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં ઘટાડો અને 14માં વધારો રહ્યો.

# ઈન્ડસઈન્ડ બેંકમાં 9.5% સુધી હિસ્સેદારી ખરીદી શકશે HDFC : રિઝર્વ બેંકની મંજૂરી મળી

**મુંબઈ, તા.16**

હવે HDFC બેંકની ગ્રુપ કંપનીઓ ઈન્ડસઈન્ડ બેંકમાં કુલ મળીને 9.5% સુધીનો હિસ્સો રાખી શકે છે. RBIએ 15 ડિસેમ્બર 2025ના રોજ આને મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી એક વર્ષ સુધી માન્ય રહેશે, એટલે કે 14 ડિસેમ્બર 2026 સુધી. HDFC બેંક અને ઈન્ડસઈન્ડ બેંક બંનેએ એક્સચેન્જ ફાઈલિંગમાં આની જાણકારી આપી છે. RBIના નિયમો મુજબ, જો કોઈ બેંક પ્રમોટેડ કંપની (જેમ કે મ્યુચ્યુઅલ ફંડ અથવા ઈન્સ્યોરન્સ) બીજી બેંકમાં રોકાણ કરે છે, તો હોલ્ડિંગ 5% થી વધુ હોય તો RBIની પરવાનગી જરૂરી છે.

HDFC બેંક ગ્રુપની હોલ્ડિંગ ઈન્ડસઈન્ડ બેંકમાં વધવાની હતી, તેથી બેંકે 24 ઓક્ટોબર 2025ના રોજ અરજી કરી હતી. હવે HDFC ગ્રુપને હોલ્ડિંગ 9.5% સુધી વધારવાની છૂટ મળી ગઈ છે. HDFC બેંકે કહ્યું - 'RBIએ 15 ડિસેમ્બર 2025ના પત્ર દ્વારા મંજૂરી આપી છે. આ HDFC મ્યુચ્યુઅલ ફંડ, HDFC લાઈફ ઈન્સ્યોરન્સ, HDFC એર્ગો ઈન્સ્યોરન્સ, HDFC પેન્શન ફંડ અને HDFC સિક્યોરિટીઝ જેવી ગ્રુપ એન્ટિટીઝ માટે છે. બેંક પોતે રોકાણ કરશે નહીં.'

બેંકિંગ નિષ્ણાતોએ તેને સેક્ટર માટે સકારાત્મક ગણાવ્યું છે. એક સિનિયર એનાલિસ્ટે કહ્યું, 'આ સ્થાનિક રોકાણને પ્રોત્સાહન આપશે અને ભારતીય બેંકિંગને વધુ મજબૂત બનાવશે.' HDFC જેવા મોટા ગ્રુપના સપોર્ટથી ઈન્ડસઈન્ડ બેંક જેવી કંપનીઓ વધુ મજબૂત બનશે. વધુ રોકાણથી નવા પ્રોડક્ટ્સ, ડિજિટલ સર્વિસ વધુ સારી બની શકે છે. બેંકિંગ સેક્ટરમાં ઘરેલું રોકાણ વધવાથી લોન ગ્રોથ ઝડપી બની શકે છે.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

નં. W/118/NIT/E-Tender/2025-26/WA/44 તારીખ : ૧૫/૧૨/૨૦૨૫ ; ઈ-ટેન્ડર નં. ૨૩૬-૨૦૨૫-૨૬ થી ૨૪૧-૨૦૨૫-૨૬ ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 236-2025-26 | ગ્રુપ વર્ક (૧) રાજકોટ - જેતલસર સેક્શન - ટીઆરઆર (પી) ના મંજૂર થયેલા કામ સામે ટ્રેક નવીકરણનું કામ પ.૩૨૦ ટીકેએમ (૨) ભાવનગર ડિવિઝન: સિનિયર ડીઇએન (સી) અધિકારક્ષેત્ર હેઠળ ૨.૦૦ કિ.મી. રેલનું કેઝ્યુઅલ નવીકરણ. | 1,32,98,536.65 | 2,16,500.00 |
| 02 | 237-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામે સંલગ્ન સિવિલ અને આનુષંગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામો. બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઇડિંગ માટે સાઇડિંગ સુવિધાઓનું નિર્માણ. | 1,99,57,759.76 | 2,49,800.00 |
| 03 | 238-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામે ટ્રેકનું કામ - બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓનું નિર્માણ. | 1,50,75,943.84 | 2,25,400.00 |
| 04 | 239-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામેના સંદર્ભમાં પુલ નં. 33/A નું વિસ્તરણ - બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઇડિંગ માટે સાઇડિંગ સુવિધાઓનું નિર્માણ. | 2,16,65,157.35 | 2,58,300.00 |
| 05 | 240-2025-26 | સિનિયર ડેન (સી) અધિકારક્ષેત્ર - મંજૂર કામ સામે ટ્રેક મેન (૩૭ નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ પૂરો પાડવો, ભાવનગર વિભાગ - ટ્રેક મેન (૮૧ નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ પૂરો પાડવો. | 4,49,64,542.32 | 3,74,800.00 |
| 06 | 241-2025-26 | સિનિયર ડેન (સેન્ટ્રલ) બીવીપી અધિકારક્ષેત્ર: ભાવનગર વિભાગના મંજૂર કાર્ય સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ (36 નંગ) કર્વ્સ પૂરા પાડવા - ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ પૂરા પાડવા. | 3,46,97,548.80 | 3,23,500.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: ૨૨/૧૨/૨૦૨૫ ; બિડિંગ બંધ થવાની તારીખ: ૦૫/૦૧/૨૦૨૬ ; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લોગ ઇન કરો.

BVP – 222

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : x.com/WesternRly

# અમદાવાદના કમલ તળાવમાં 150 જેટલા મકાનો પર બુલડોઝર ફેરવાયું

## બેઘર થયેલી બહેનોની રડી-રડીને હાલત ખરાબ, એક બેભાન : પુરુષો-બાળકોની આંખોમાં આંસુ

**અમદાવાદ, તા.16**

અમદાવાદના કુબેરનગર ITI રોડ પર આવેલા કમલ (ઉમલા) તળાવમાં 16 ડિસેમ્બરની સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. તળાવમાં 150 જેટલા કાચા-પાકા મકાનો ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ તમામ દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ ખાલી ન કરવામાં આવતા સ્થાનિક પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.





મકાનો તોડી પાડવામાં આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની નજર સામે જ ઘર તબાહ થતાં જોઈને મહિલાઓ, બાળકો અને પુરુષો જેવા પુરુષો પણ રડી પડ્યાં હતાં. મહિલાઓની તો રડી રડીને હાલત ખરાબ થઈ જવા પામી હતી. આ દરમિયાન એક મહિલા બેભાન પણ થઈ ગઈ હતી. સ્થાનિકોની માગ છે કે, અમે બીજે જવા માટે તૈયાર છીએ, પરંતુ અમને વૈકલ્પિક મકાનની વ્યવસ્થા આપવામાં આવી નથી.

મનસ્વી નામની બાળકીએ રડતા-રડતા જણાવ્યું હતું કે, મારા દાદા પેરેલાઈઝ છે અને મારી માતાનું પણ ઓપરેશન કરેલું છે, હું છેલ્લા એક મહિનાથી સ્કૂલે ગઈ નથી. જ્યારથી અમને નોટિસ આપવામાં આવી છે, ત્યારથી અમે ગયા નથી. મારુ ભણતર બગડ્યું છે. વર્ષોથી અમે અહીંયા રહેતા હોવા છતાં પણ અમને હવે મકાન ખાલી કરી દેવા કહેવામાં આવ્યું. જો અમને બીજે ક્યાંય મકાન આપવામાં આવે તો અમે જવા માટે તૈયાર છીએ.

વધુમાં અરુણાબેન નામના સ્થાનિક મહિલા જણાવ્યું હતું કે, હું વિધવા છું, મારી આ જગ્યા ઉપર એક જ ઓરડી હતી. છેલ્લા 50 વર્ષથી હું અહીંયા રહેતી હતી. અમને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી નથી. અમારું મકાન તમે પાડી દો એનો વાંધો નથી પણ અમને સામે રહેવા માટે બીજી જગ્યા પણ આપો એવી અમારી માંગણી છે.

કમલા તલાવડી વિસ્તારમાં ખોડિયાર માતાનું મંદિર આવેલું છે, જે મંદિરને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલ પૂરતું નહીં તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તલાવડીના વિસ્તારમાં આ મંદિર રહેવા દેવામાં આવશે. મંદિરનું ડિમોલેશન હાલ પૂરતું નહીં કરાય.

# સેવન્થ ડે સ્કૂલનો વહીવટ DEOને સોંપાયો : DEOની ટીમે સ્કૂલમાં જઈ નિરીક્ષણ કર્યું

## સવાર-બપોરની બંને પાળી માટે એક-એક વહીવટદાર તરીકે કચેરીના અધિકારીઓની નિમણૂક કરાશે

**અમદાવાદ, તા.16**

અમદાવાદની વિવાદિત સેવન્થ ડે સ્કૂલની માન્યતાના પુરાવા રજૂ ન કરતા સરકાર દ્વારા વહીવટ લઈ લેવામાં આવ્યો છે. આજ(16 ડિસેમ્બર)થી સ્કૂલનો વહીવટ DEOને સોંપવામાં આવ્યો છે. DEOની ટીમ સવારથી જ સ્કૂલમાં પહોંચી હતી. DEOએ વાલીઓને પણ આશ્વાસન આપ્યું છે કે સ્કૂલનો વહીવટ યોગ્ય રીતે ચાલશે અને શિક્ષણ કાર્ય અગાઉની જેમ જ ચાલશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગઈકાલે ખોખરાની સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક લેવાનો નિર્ણય કર્યો હતો. જે બાદ આજે સવારથી સ્કૂલમાં DEOની ટીમ પહોંચી હતી. અમદાવાદ શહેર DEO સ્કૂલનો વહીવટ કરશે. જેને લઈને અમદાવાદ શહેર DEOની ટીમે આજે સ્કૂલમાં જઈને સૌપ્રથમ નિરીક્ષણ કર્યું તે બાદ વાલીઓને આશ્વાસન આપ્યું હતું.

અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે સ્કૂલ દ્વારા માન્યતાના પુરાવા આપવામાં આવ્યા નથી. જેને લઈને સરકાર દ્વારા સ્કૂલનો વહીવટ DEOને આપવામાં આવ્યો છે. આજથી વહીવટ DEO કચેરી દ્વારા કરવામાં આવશે. સ્કૂલના વહીવટીને લગતા તમામ કામકાજ DEO કચેરી દ્વારા જ કરવામાં આવશે. સ્કૂલનું શિક્ષણ કાર્ય અગાઉની જેમ રાબેતા મુજબ જ ચાલશે. સવાર-બપોર બંને પાળી માટે એક-એક વહીવટદાર તરીકે કચેરીના અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

# પૂરઝડપે આવી કાર સ્લીપ ખાઈ છાપરામાં ઘૂસી ગઈ : રામોલમાં બેફામ કારે સૂઈ રહેલા પરિવારને કચડ્યો

**અમદાવાદ, તા.16**

અમદાવાદના રામોલ વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જ્યાં રામોલ ગામમાં આવેલા તળાવ પાસે ગઈકાલે રાત્રે શ્રમિક પરિવાર છાપરામાં સુઈ રહ્યો હતો ત્યારે મોડી રાત્રે અચાનક જ પૂર ઝડપે આવતી એક ફોર વ્હીલર ગાડી બેફામ રીતે છાપરામાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં શ્રમિકનો પરિવાર અંદર ફસાઈ ગયો હતો. આસપાસના લોકોએ ભેગા થઈને ગાડી ઊંચી કરીને ચાર લોકોને બહાર કાઢ્યા હતા, જેમાંથી મુકેશભાઈ, તેમના પત્ની અને બે બાળકો સહિત કુલ ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.



અમદાવાદના રામોલ ગામમાં આવેલા તળાવ પાસે ગઈકાલે રાત્રે શ્રમિક મુકેશ ડામોર અને તેમનો પરિવાર જમીને સુઈ રહ્યો હતો. ત્યારે અચાનક જ રાત્રે 12 વાગ્યાની આસપાસ પૂરઝડપે એક ફોર વ્હીલર ગાડી તેમના છાપરામાં ઘૂસી ગઈ હતી. ગાડી અંદર ઘૂસતા મુકેશભાઈ અને તેમનો પરિવાર ફસાઈ ગયો હતો. મુકેશ ભાઈએ બુમાબુમ કરતા આજુબાજુના છાપરાવાળા અને આસપાસના લોકો ભેગા થયા હતા જેમને ગાડી ઊંચી કરીને તમામ લોકોને બહાર કાઢ્યા હતા.

અકસ્માતમાં મુકેશભાઈને જમણા પગે ઈજા થઈ, જ્યારે તેમના પત્નીને પેટના અને છાતીના ભાગા થઈ છે. મુકેશભાઈના દીકરા-દીકરીને પણ ઈજા પહોંચતા અકસ્માતમાં કુલ ચાર લોકોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળ પરથી કાર કબજે કરીને કારચાલકની ધરપકડ કરી હતી. અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે જેમાં બેફામ રીતે ચાલી રહેલી કાર છાપરામાં ઘૂસતી દેખાઈ હતી.

આ અંગે આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના ઈનચાર્જ પીઆઈ એ.વાય પટેલે જણાવ્યું હતું કે, અકસ્માતમાં 2 લોકોને ફ્રેક્ચર, એકને માથામાં ઈજા અને એકને સામાન્ય ઈજા પહોંચી હતી. હાલ ત્રણ લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે જ્યારે એકની હાલત સુધારા પર છે. કારચાલક સામે MV એક્ટ ઉપરાંત કલમ 110 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

### કોંગ્રેસની જન આક્રોશ યાત્રા પાર્ટ-2 મધ્ય ગુજરાતમાં

# 20 ડિસે.એ ફાગવેલથી પ્રારંભ ને 6 જાન્યુ.એ કંબોઈ ધામમાં સમાપન, 'લોકોને રસ્તા પર લાવી કોમનવેલ્થની મેજબાની નહીં ચલાવીએ'....

**અમદાવાદ, તા.16**

ગુજરાત કોંગ્રેસે જન આક્રોશ યાત્રા પાર્ટ-2ની જાહેરાત કરી છે. પહેલા ચરણમાં ઉત્તર ગુજરાતમાં જન આક્રોશ યાત્રા પૂર્ણ થયા બાદ કોંગ્રેસ હવે મધ્ય ગુજરાતમાં જન આક્રોશ યોજવા જઈ રહી છે. આગામી 20 ડિસેમ્બરથી 6 જાન્યુઆરી સુધી મધ્ય ગુજરાતમાં કોંગ્રેસ જન આક્રોશ યાત્રા યોજવાની છે. કોંગ્રેસ જન આક્રોશ યાત્રા પાર્ટ-2ની 20 ડિસેમ્બરે ફાગવેલથી શરૂઆત થશે અને 6 જાન્યુઆરીએ દાહોદના કંબોઈ ધામમાં તેનું સમાપન કરવામાં આવશે. કોંગ્રેસ આ યાત્રામાં મનરેગા કૌભાંડ, નલ સે જલ યોજનામાં કૌભાંડ સહિત ભ્રષ્ટાચારના મુદ્દાઓથી ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદમાં થતી ડિમોલિશનની કામગીરીને લઈને કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લોકોને ઘરનું ઘર



આપ્યા વગર જો ડિમોલિશન કરવામાં આવશે તો કોંગ્રેસે વિરોધ કરવાની તૈયારી દર્શાવી છે.

આ જન આક્રોશ યાત્રા 7 જિલ્લા, ત્રણ મહાનગરપાલિકા, 55 તાલુકા અને 37 જેટલી નગરપાલિકા વિસ્તારમાંથી ભ્રમણ કરવાની છે. અંદાજે 1400 કિલોમીટર સુધી આ યાત્રા મધ્ય ગુજરાતમાં ભ્રમણ કરશે.

અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટેની મેજબાની મળી ગઈ છે. જેના માટે મેદાન બનાવવા ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે. જેને લઈને પણ કોંગ્રેસ દ્વારા સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપનું શાસન હોવા છતાં શાળાઓમાં મેદાનોની કોઈપણ પ્રકારની યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવી હોવાનો કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

# અમદાવાદમાં જૈન દેરાસરના કૂવામાં પડેલા પિતા-પુત્રીનું રેસ્ક્યૂ કરાયુ....

**અમદાવાદ, તા.16**

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં ગઈકાલે(15 ડિસેમ્બર) રાત્રે ગજરાજ સોસાયટીમાં આવેલા જૈન દેરાસરના 60 ફૂટ ઊંડા પાણી ભરેલા બોરવેલ કૂવામાં દેરાસરમાં જ માળી કામ કરતા પરિવારની દીકરીનો પગ લપસતા કૂવામાં ખાબકી હતી. જાણ થતાં જ પિતાએ દીકરીને બચાવવા કૂવામાં છલાંગ લગાવી. આ ઘટના દરમિયાન ત્યાં હાજર સ્થાનિકોએ બંને પિતા-પુત્રીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બંને પાણીમાં હોવાના કારણે અને ખેંચીને બહાર કાઢી શકાય તેમ ન હોવાના કારણે છેવટે ફાયરબ્રિગેડની ટીમને કોલ કરાયો હતો. બોરવેલમાં પાણી હોવાથી અને બનાવને લાંબો સમય વિતવાથી પિતા-પુત્રી ડૂબવાની તૈયારીમાં હતા, ત્યાંજ ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી 20 મિનિટમાં જ રેસ્ક્યૂ ઓપરેશન કરી અંજલી સેની (ઉ. વ. 19) અને રાજેશભાઈ સેની (ઉ. વ .45)ને બહાર કાઢી સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. નવરંગપુરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર હિતેશ પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચાંદલોડિયા વિસ્તારમાં ગજરાજ સોસાયટીમાં આવેલા એક જૈન દેરાસરના કૂવામાં બે લોકો પડી ગયા હોવા અંગેનો મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયર સ્ટેશનથી મીની ટેન્કર અને અન્ય વાહન સાથે ફાયરની રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી. સબ ઓફિસર ભૂમિત મિસ્ત્રી અને અન્ય ફાયરના જવાનો સાથે અમે ઘટનાસ્થળ ઉપર પહોંચ્યા હતા. યુવતી અને એક વ્યક્તિ મંદિરના પ્રવેશ દ્વાર પાસે જ આવેલા ઊંડા બોરવેલના કૂવામાં પડેલા હતા. બોરવેલમાં પાણી ભરેલું હતું. બંને ડૂબવાની તૈયારીમાં હતા. ફાયરબ્રિગેડના જવાનોએ તાત્કાલિક ધોરણે તેઓને રેસ્ક્યૂ કરવા માટે મોટો રસ્સો અને સાધન સાથે એક ફાયરના જવાનને નીચે ઉતાર્યો હતો. રસ્સા વડે તેઓને બાંધીને એક બાદ એક બંનેને ઉપર લાવવામાં આવ્યા હતા. સૌપ્રથમ યુવતીને બહાર કાઢવામાં આવી હતી અને ત્યારબાદ તેના પિતાને બહાર કાઢવામાં આવ્યા હતા.

